
P.07
વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં દિશા-શાહિદનું આઈટમ સોંગ હશે

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673


P.07
બોલીવૂડમાં પુનરાગમન કરી રહી હોવાનો પ્રિયંકા ચોપરાનો સંકેત

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૩૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ સુદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 332 • Dt.06-07-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રશિયાનો યુક્રેન પર ભયાનક હુમલો । કીવમાં ૫૪૦ ડ્રોન, ૧૧ મિસાઇલ ઝીંકી


07

**06**
JULY- 2025
SUNDAY


07

અમેરિકામાં અચાનક પૂરથી ભારે તબાહી ૧૩ લોકોના મોત । વીસ છોકરીઓ ગુમ






**દ્વારકાનું કલ્યાણપુર જળબંબાકાર, તો ભદ્રકાળી ચોક સહિતના વિસ્તારો પાણી-પાણી**

દેવભૂમિ દ્વારકામાં છેલ્લા બે દિવસથી વરસાદ યથાવત । રાજકોટ જિલ્લાના ગધેથડ ગામ પાસે આવેલ વેણુ-૨ ડેમ ભારે વરસાદના કારણે ઓવરફ્લો થયો । ડેમમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક વધતાં બે દરવાજા એક-એક ફુટ ખોલવામાં આવ્યા અને ૧૪૨૮ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ

# દેવભૂમિ દ્વારકા સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

## ગધેથડ, નાગવદર, વરજાંગ જાળીયા, મેખાટીંબી અને નિલાખા જેવા ગામોને સાયરન વગાડી નદીના પટમાં અવરજવર ન કરવા એલર્ટ કરવામાં આવ્યા

। પ્રતિનિધિ, દેવભૂમિ દ્વારકા, તા.૫ ।

ગુજરાતમાં મેઘરાજા મહેરબાન થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. કલ્યાણપુરમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ છે તો રાજકોટનો વેણુ-૨ ડેમ ઓવરફ્લો થયો.દેવભૂમિ દ્વારકામાં છેલ્લા બે દિવસથી વરસાદ યથાવત છે. વહેલી સવારથી વરસાદ પડી રહ્યો છે. ત્યારે દ્વારકાના ઈસ્કોન ગેટ, ભદ્રકાળી ચોક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદને કારણે ચોમાસુ પાકમાં ખેડૂતોને ફાયદો થશે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં છેલ્લા બે દિવસથી મુશળધાર વરસાદના કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં સતત વોચ રાખવામાં આવી રહી છે.માંગરોળ પંથકમાં પણ વહેલી સવારથી મેઘો મહેરબાન થઈ રહ્યો છે.

**સુરેન્દ્રનગર-ચુડા ડાયવર્ઝનમાં ભારે વરસાદથી ધોવાણ થતા ડ્રાઇવર્જન રસ્તો બંધ**



વાંકલ, વેરાવી, નાંદોલા સહિતના ગામોમાં ભારે વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પગલે અનેક જળાશયોમાં નવા નીરની આવક થઈ રહી છે, જેના કારણે પાણીના સ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે સતત વરસાદી માહોલને કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.રાજકોટ જિલ્લાના ગધેથડ ગામ પાસે આવેલ વેણુ-૨ ડેમ ભારે વરસાદના કારણે ઓવરફ્લો થયો છે. ડેમમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક વધતાં બે દરવાજા એક-એક ફુટ ખોલવામાં આવ્યા અને ૧૪૨૮ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.વેણુ-૨ ડેમ સંપૂર્ણ ભરાઈ જતા ઉપલેટા શહેર અને પાણી પુરવઠા વિભાગના ૧૨ જેટલા ગામોને પીવાના અને સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ થયો છે.

**આઈસીએ અધ્યક્ષ એરીયલ ગુઆરકોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ**

# આઈસીએની સામાન્ય સભા યુ.કે.ના મેન્ચેસ્ટર ખાતે યોજાઈ

## શકિત,વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિ દેશ-દૂનિયાને જોડવાનું કામ કરશે ભારત તરફથી દિલીપ સંઘાણીની મહત્વપુર્ણ ઉપસ્થિતિ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (ICA) ની સામાન્ય સભાનું આયોજન થયુ હતુ જેમાં ICA ના અધ્યક્ષ એરીયલ ગુઆરકોની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ મહત્વપુર્ણ સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા હતા.દિલીપ સંઘાણીએ ICA ના અધ્યક્ષ ગુઆરકો સાથે શુભેચ્છા મુલાકાત કરી અને સહકારી ક્ષેત્રના વૈશ્વિક મુદાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો જેમાં ભારતની સહકાર શકિતએ સમગ્ર દેશમાં સહકારી પ્રવૃતિના માધ્યમથી અનેક ક્ષેત્રીય પ્રદેશોમા વિકાસની હરણફાળ ભરી છે આ શકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિના માધ્યમથી દેશ-દૂનિયાને જોડવાનું કામ સહકાર કરશે તેવો આત્મવિશ્વાસ યુ.કે. ના મેન્ચેસ્ટર ખાતે યોજાયેલ આઈસીએની સામાન્ય સભામા આઈસીએના અધ્યક્ષ એરીયલ ગુઆરકો, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ સુરવ્યકત કરતા જણાવેલ, ભારતનું પ્રતિનિધિ મંડળ યુ.કે. ના પ્રવાસે છે જેમા સંઘાણી સહિત વિશ્વના વિવિધ દેશોથી આવેલા સહકારી નેતોઓ સામેલ છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવેમ્બર-૨૦૨૪ માં નવી દિલ્હી ખાતે જાહેર કરાએલા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ (International Year of Cooperatives - IYC ૨૦૨૫) ની માહિતી થી સૌને વાકેફ કર્યા હતા.



**મહત્વપુર્ણ સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા હતા**

દિલીપ સંઘાણીએ આઈ.સી.એ.ની સામાન્ય સભામા વિશ્વના દેશોથી આવેલા સહકારી નેતાઓ સાથે ભારતમાં IYC ૨૦૨૫ ના અન્વયે અમલમાં મુકાયેલા સહકારી પ્રવૃતિ અને યોજનાઓની માહિતી આપી હતી જેમાં ઈફકોની ઉપલબ્ધીઓ, સાથોસાથ ધાન ઉત્પાદનને અગ્રતા આપવાનું પણ ચર્ચામા જણાવાયેલ. સહકારી પ્રવૃતિથી આત્મનિર્ભર બનવા નાગરિકોને તમામ પ્રકારની ટ્રેનીંગ અને માર્ગદર્શન આપવામા આવે છે જેવા વિવિધ મુદાઓની જાણકારી આપવામાં આવી હતી. અત્રે નોંધવુ ઘટયુ હતુ કે આ બેઠકમાં દિલીપ સંઘાણીની હાજરીને વિશેષ મહત્વ મળ્યુ અને તેઓએ ભારતના સહકારી આંદોલનને વૈશ્વિક મંચ પર ઉતમ રીતે રજુ કર્યું હતુ.આ તકે ICA(AP) એશીયાના ચેરમેન ડો.ચંદ્રપાલસિંહ યાદવ, ડો.યુ.એસ. અવસ્થી, ગુજરાત મહિલા ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી, ઈફકોના ડાયરેકટર ભાવેશભાઈ રાદડીયા સહિત સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**પ્રાકૃતિક ખેતીમાં મિશ્રપાકોની પસંદગી કેવી રીતે કરવી ?**

# મિશ્રપાક પદ્ધતિમાં સરેરાશ ઉત્પાદન, જીવાત નિયંત્રણ, સરળ વૃદ્ધિ, વાવેતર ખર્ચ સહિતના અનેક ફાયદા

## મિશ્ર પાક કુદરતી આવરણ પૂરું પાડે છે, તેથી આચ્છાદનના તમામ લાભો પ્રાપ્ત થાય બે કે તેથી વધુ પાક એકસાથે લેવાથી સરેરાશ ઉત્પાદન વધે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

પ્રાકૃતિક કૃષિમાં એકસાથે એકથી વધુ પાકો લેવાની પદ્ધતિને 'મિશ્ર પાક' પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં એક મુખ્ય પાકની સાથે સહાયક પાકો લેવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. મિશ્ર પાક દ્વારા થતી પ્રાકૃતિક કૃષિના અનેક ફાયદા છે. તો ચાલો જાણીએ મિશ્રપાકોની પસંદગી, ઉપયોગિતા અને ફાયદાઓ વિશે. મિશ્રપાકની પસંદગીમિશ્ર પાકના મહત્તમ ફાયદા મેળવવા માટે મુખ્ય પાક અને સહાયક પાકને ચોકસાઈપૂર્વક પસંદ કરવા જોઈએ.પ્રાકૃતિક કૃષિમાં મિશ્ર પાકની પસંદગી એવી રીતે કરવી જોઈએ કે જેથી બંને પાકોના ફાયદા મેળવી શકાય અને બંને પાકો એકબીજાને નડતરરૂપ ન હોય. પ્રાકૃતિક કૃષિનો મુખ્ય પાક એકદળી હોય તો સહયોગી પાક દ્વિદળી રાખવો જોઈએ.મુખ્ય પાક કરતાં અડધો અથવા એક તૃતિયાંશ જીવનકાળ ધરાવતા સહયોગી પાક કે આંતરપાકને પસંદ કરવો જોઈએ. સહયોગી પાક મુખ્ય પાક કરતા ઓછાં સમયમાં તૈયાર થઈ જાય તેવો હોવો જોઈએ. મુખ્ય પાક અને પેટા/સહયોગી પાકની પસંદગી એવી રીતે કરવી જોઈએ કે જો એક પાકના મૂળ જમીનમાં ઊંડા જાય તો બીજા પાકના મૂળ જમીનની સપાટી પર રહે.પેટા પાક આઠવા સહયોગી પાકની ઉંચાઈ મુખ્ય પાક કરતાં ઓછી હોવી જોઈએ જેથી સૂર્યપ્રકાશ માટે બંને વચ્ચે સ્પર્ધા ન થાય. સહયોગી પાક તરીકે વાવેલા છોડનો છાંયો મુખ્ય પાકના પાંદડા પર ન પડે તે પ્રકારનો સહયોગી પાક લેવો જોઈએ.-ઝડપથી વિકાસ



પામે અને જમીનને જલ્દી ઢાંકી દે તેવો સહયોગી અથવા પેટા પાક મુખ્ય પાક માટે ફાયદારૂપ નીવડે છે.

જો મુખ્ય પાકના પાંદડાની તીવ્ર સૂર્યપ્રકાશની જરૂરિયાત હોય, તો સહયોગી પાક ઓછી ગરમીથી ઉછરી શકે કેવો હોવો જોઈએ. જો મુખ્ય પાક ઝડપથી વિકસતો હોય, તો ધીમી વૃદ્ધિ પામતા પેટા પાક અથવા સહાયક પાક ઉછેરવા જોઈએ.મિશ્રપાકના ફાયદા

જો બંને પાક એકબીજાથી અલગ પ્રકારના હોય તો સરેરાશ પરિણામ વધુ સારું આવે છે. મુખ્ય પાક સાથે સહાયક પાક લેવાનો સૌથી મોટો ફાયદો એ છે કે સહાયક પાક લેવાથી મુખ્ય પાકના વાવેતરનો ખર્ચ તેમાંથી વળતર રૂપે મળી જાય છે.મુખ્ય પાકને મળતા ફોસ્ફરસ, નાઈટ્રોજન, પોટાશ જેવા જરૂરી પોષક તત્વો સહયોગી પાકના મૂળમાં રહેતા રાઈઝોબિયમ, એઝોસ્પીરીલમ અને એઝોટોબેક્ટર જેવા બેક્ટેરિયાની મદદથી મુખ્ય પાકની વૃદ્ધિને સરળ બનાવવામાં મદદરૂપ થાય છે.મુખ્ય પાક અને સહયોગી પાકના વિરોધાભાસી ગુણધર્મોને કારણે મિશ્ર પાક કુદરતી જીવાત નિયંત્રણમાં પરિણમે છે. મિશ્ર પાક કુદરતી આવરણ પૂરું પાડે છે, તેથી આચ્છાદનના તમામ લાભો પ્રાપ્ત થાય છે.બે કે તેથી વધુ પાક એકસાથે લેવાથી સરેરાશ ઉત્પાદન વધે છે. પ્રાકૃતિક કૃષિમાં એકસાથે એકથી વધુ પાકો લેવાની પદ્ધતિને 'મિશ્ર પાક' પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં એક મુખ્ય પાકની સાથે સહાયક પાકો લેવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

## ગોંડલના રિબડાના અમિત ખૂંટ નામના યુવકે આત્મહત્યા કરી, બળાત્કારનો ગંભીર આરોપ

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૫ ।

બળાત્કારના આરોપમાં રાજકોટના ગોંડલમાં અમિત દામજીભાઈ ખુંટ નામના યુવકની ધરપકડ. સગીરા પર બળાત્કારનો આરોપ હતો અને પોલીસ તપાસ થાય તે પહેલાં જ મૃતકે પોતાની વાડીમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી.






**મારમારી બળજબરી પૂર્વક માફી** — **શિક્ષક છે કે લુખ્ખો : પત્રકારોને રૂમમાં પુરી,મોબાઈલ લઇને બળજબરી પૂર્વક માફી પત્ર લખાવી લીધું હતું**

# જેઠોલી પ્રાથમિક શાળામાં માહિતી લેવા ગયેલા પત્રકારો પર હુમલો કરનાર શિક્ષક સહીત ૬ સામે પોલીસ ફરિયાદ

। પ્રતિનિધિ, બાલાસિનોર, તા.૫ ।

બાલાસિનોર તાલુકા સહીત નગરમાં ચર્ચાઓનો કેન્દ્ર બનેલા જેઠોલી પ્રાથમિક શાળામાં માહિતી લેવા ગયેલા પત્રકારોને શાળામાં ફરજ બજાવતા દીપેન પટેલ શિક્ષક સહીત છ જેટલા લુખ્ખા તત્વો દ્વારા ઢોર મારમારી બળજબરી પૂર્વક માફી પત્ર લખાવી લેનાર સામે બાલાસિનોર રૂલર પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના પ્રખાત અખબારના પત્રકાર રાહીલ ધારિયા દ્વારા ગત શનિવારે ટેલિફોનિક આચાર્ય સાથે ચર્ચા થતા



શાળાના આચાર્ય નીરુબેન દ્વારા તેઓને સોમવારે માહિતી લેવા માટે બોલાવ્યા હતા જેમાં પત્રકારો સોમવારે માહિતી લેવા જતા શાળા ના શિક્ષક દીપેન પટેલ દ્વારા ગામના લુખાઓ અને અન્ય ઈસમોને બોલાવી લીધા હતા અને આવતાની સાથે ગાળો બોલી પત્રકારો પૈસા લેવા આવ્યો છો તેવી વાત ઉપજાવી માર મારવા લાગેલ હતા જ્યારે આ સમગ્ર ઘટના બનતા જેઠોલી ગામમાં લોકો એકત્ર થઈ ગયા હતા જેથી શાળાના શિક્ષક દીપેન પટેલ અને લુખ્ખા તત્વો દ્વારા ગામમાં રોફ જમાવવા પત્રકારોને ગામલોકો સામે માં બહેન સમાની ગાળો બોલી જાહેરમાં ગડદા પાટુનો માર મારી અને પીવીસી પાઈપ વળે ફટકા મારી નીચે પાડી દઈને લાતો વળે માર મારવા લાગ્યા હતા જે બાદ કહેવા લાગેલ કે અમારા ગામમાં આવશો તો જીવતા નહિ જવા દઈએ તેવી ધમકી આપી શાળાના એક રૂમમાં પુરી દઈને મોબાઈલ લઈ લીધા હતા અને બે પત્રકાર સહીત એક ઈસમ પાસે માફીપત્ર લખાવી લીધેલ હતું જે બાદ પત્રકાર રાહીલ ધરિયાને છાતીના નીચે પાસરીના ભાગે દુખાવો ઉપાડતા બાલાસિનોર સ્થિત હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો જે બાબતે પત્રકારના પિતા પ્રદીપભાઈ ધારિયા દ્વારા જેઠોલી પ્રાથમિક શાળાના શિક્ષક બાલાસિનોર સામે ગેર કાયદેસર મંડળી રચી,ઝપાઝપી કરી,મારમારી ,ઓરડામાં પૂરીને બળજબરી પૂર્વક માફીનામું લખાવી જેવો ગુન્હો કરતા પોલીસ ફરિયાદ આપી હતી જયારે શિક્ષકે પણ ફરિયાદ આપતા ફરિયાદ લઈને પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨   પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## જામનગરના લાલપુરમાં આકાશી વીજળી પડતાં બે યુવાનના મોત,

| પ્રતિનિધિ, જામનગર, તા.૫ |

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સેવક ધુણિયા ગામે ગઈકાલે આકાશી વીજળી પડવાના કારણે બે પરપ્રાંતિય શ્રમિક યુવાનોના ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યા હતાં, જ્યારે અન્ય બે યુવાનો પણ આકાશી વીજળીમાં ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે જ્યાં બંનેની હાલત સુધારા ઉપર છે.આ બનાવ દરમિયાન હરીપર ગામના ભરવાડ ગોકળભાઈ ટપુભાઈ ટોયેટા તેમના ઘેટા લઈને નીકળ્યા હતા, ત્યારે તેમના ઘેટા પર વરસાદી વીજળી પડવાના કારણે ૪ ઘેટાઓનું મોત થયું હોવાનું કહ્યું હતું.બંને શ્રમિકોના સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યા હતા.

## વડોદરા સેન્ટ્રલ જેલમાં હત્યાના ગુનામાં સજા કાપતા કેદી પાસેથી મોબાઇલ ફોન મળી આવ્યો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

વડોદરા સેન્ટ્રલ જેલના આઉટ સર્કલ વિભાગમાંથી પાકા કામના કેદી પાસેથી વધુ એક મોબાઈલ ફોન મળી આવતા ફરિયાદના આધારે રાવપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગઈકાલે તા.૨ જુલાઈના રોજ બપોરે વડોદરા મધ્યસ્થ જેલમાં સિનિયર જેલર તથા સ્થાનિક ઝડતી સ્ક્વોડના કર્મીઓ આઉટ સર્કલ વિભાગ રંગ ખોલીમાં પ્રવેશતા પાકા કામના કેદી દિલીપ પ્રભાતભાઈ પગીના ઉપર શંકા જતા ઝડતી લીધી હતી. આ દરમ્યાન કેદીએ કમરના ભાગે છુપાવેલ બેટરી અને સીમકાર્ડ વગરનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછતાછમાં કેદીએ આ મોબાઈલ ફોનનો પોતે ઉપયોગ કરી રહ્યો હોવાની કબુલાત કરી હતી. આ અંગે ગ્રુપ ૨ જેલરએ કેદી વિરુદ્ધ જાહેરનામા ભંગ બદલ રાવપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મોબાઈલ ફોનની એફએસએલ ચકાસણી થાય તો આ અંગે વધુ વિગતો સપાટી પર આવી શકે છે.

### ૧૫ દિવસમાં ૩ બાળકોના મોત

# ગુજરાતના આ જિલ્લામાં ભેદી વાયરસનો હાહાકાર

## પંચમહાલના ગોધરા, હાલોલ અને શહેરામાં ભેદી વાયરસથી ચાર બાળકોના મોતથી પ્રશાસન થયું દોડતું

| પ્રતિનિધિ, પંચમહાલ, તા.૫ |

પંચમહાલના ગોધરા, હાલોલ અને શહેરામાં ભેદી વાયરસથી ચાર બાળકોના મોતથી પ્રશાસન થયું દોડતું થયું હતું. જિલ્લાના ત્રણ તાલુકાના ચાર બાળકોને તાવ અને ખેંચ આવતા તાત્કાલિક વડોદરા દાખલ કરાયા હતા જેમાંથી ત્રણ બાળકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. જ્યારે હજુ એક બાળકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.ત્રણ બાળકોના વડોદરા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યા છે. તમામ બાળકોના મોત જુન મહિનામાં થયા છે, એક બાળક હાલ પણ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. જોકે, પહેલા તંત્રને ચાંદીપુરમ વાયરસ ફેલાયાનો ડર હતો. પંરતુ ત્રણેય બાળકોના ચાંદીપુરમ અંગેના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ચોથા બાળકનો રિપોર્ટ હજી પેન્ડિંગ છે.

આમ, ભેદી વાયરસને કારણે ત્રણ બાળકોના મોત થતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. એક સાથે આઈસીએમઆરની ટીમો સર્વે માટે ગ્રામ્ય વિસ્તારમાં ઉતરી આવી છે. શંકાસ્પદ વાયરસના ભરડામાં વધુ બાળકો ન આવે તેના માટે આરોગ્ય વિભાગે સર્વે હાથ ધર્યો છે. શંકાસ્પદ સ્થળોએથી સેમ્પલ લેવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ છે તેવું



આરોગ્ય અધિકારી ડો. બીકે પટેલે જણાવ્યું.

જે મોત થયા છે ગોધરા તાલુકાના ખજુરી શહેરા તાલુકાના ડોકવા અને હાલોલ તાલુકાના જાંબુડી ગામના બાળકો છે. ગોધરા તાલુકાના કરસાણા ગામના બાળકની હાલ વડોદરા એસએસસી ખાતે સારવાર ચાલી રહી છે.

તેથી સૌથી પહેલા ગોધરા તાલુકાના મોર ડુંગરા વિસ્તારમાં ૪૨ જેટલા કાચા મકાનોમાંથી માખીઓના નમૂના લેવામાં આવ્યા છે.

બાળકોના શંકાસ્પદ મોતનું સાચું કારણ જાણવા માટે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની નિષ્ણાત ટીમ પંચમહાલ આવી પહોંચી છે. રાજ્યના આરોગ્ય વિભાગની ટીમ સાથે આ ટીમો વાયરસના ફેલાવા, તેના કારણો અને તેને નિયંત્રિત કરવા માટેના પગલાં અંગે તપાસ કરશે. આ ટીમો સેમ્પલો લઈને તપાસ કરી રહી છે. પંચમહાલ જિલ્લામાં ગત વર્ષે વરસાદ બાદ ચાંદીપુરમ વાયરસથી ૭ જેટલા બાળકોના મોત થયા હતા.

## બેગલેસ ડે : પહેલી વખત હજાર બાળકો સ્કૂલબેગ વગર સ્કૂલે ગયા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

રાજ્ય સરકારના નિર્ણય બાદ આજે શનિવારના દિવસનો બેગલેસ ડે તરીકે અમલ કરવામાં આવ્યો હતો. વડોદરામાં સેંકડો સ્કૂલોમાં વિદ્યાર્થીઓ બેગ વગર પહોંચ્યા હતા. ભણતરનો ભાર નહીં હોવાથી વિદ્યાર્થીઓના ચહેરા પર આજે ખુશી જોવા મળી હતી.જોકે પરિપત્રના અમલને લઈને વિસંગતતાઓ પણ જોવા મળી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ ૧૨૩ સ્કૂલોમાં બેગલેસ ડેના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જ્ઞાન સાથે ગમ્મતના અભિગમ પર વિદ્યાર્થીઓને શિક્ષણ પણ અપાયું હતું. તો બીજી તરફ શહેરની સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાં બેગલેસ ડે નહોતો રખાયો. આ સ્કૂલોના વિદ્યાર્થીઓ રાબેતા મુજબ જ સ્કૂલ બેગ સાથે સ્કૂલોમાં પહોંચ્યા હતા. ગુજરાત બોર્ડ સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાંથી ૭૦ ટકા સ્કૂલોમાં બેગલેસ ડેની સૂચના અગાઉથી અપાઈ હોવાથી વિદ્યાર્થીઓ બેગ વગર સ્કૂલોમાં પહોંચ્યા હતા. હજારો વિદ્યાર્થીઓને બેગનું વજન ઉંચકવું ના પડ્યું હોય તેવું પહેલી વખત બન્યું હતું. જોકે સંખ્યાબંધ સ્કૂલોએ સરકારના પરિપત્રનો અમલ કરવાની દરકાર કરી નહોતી. ખુદ ડીઈઓએ પણ આ વાત સ્વીકારી હતી. ડીઈઓ મહેશ પાંડેએ કહ્યું હતું કે, શહેરની ૩૦ ટકા જેટલી સ્કૂલોમાં આજે બેગલેસ ડે નહોતો રખાયો.

### ગુજરાતમાં આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

# કચ્છ જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

# નખત્રાણામાં પાણીના પ્રવાહમાં ૧૦-૧૫ ગાય તણાઈ

| પ્રતિનિધિ, કચ્છ, તા.૫ |

ગુજરાતમાં આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે, ત્યારે કચ્છ, પાટણ અને બનાસકાંઠા સહિતના જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યુ છે, ત્યારે આજે શુક્રવારે કચ્છના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. કચ્છના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના મોટાભાગના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં આજે શુક્રવારે વરસાદી માહોલ જામ્યો છે. જેમાં નખત્રાણા, મુન્દ્રા, અબડાસા, રાપર સહિતના અનેક તાલુકા અને ગામડાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને લઈને અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

મળતી માહિતી મુજબ,



નખત્રાણાના નાની ખોંભડીમાં પાણીના પ્રવાહમાં ગાયો તણાઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. મેકણ સરોવરના ઓગનમાં પાણીના પ્રવાહમાં ૧૦ થી ૧૫ જેટલી ગાય તણાઈ હતી. સીમમાં ગાય ચરાવવા ગયા હતા, ત્યાર ભારે વરસાદમાં આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

નખત્રાણાના ઉખેડા પંથકમાં ભારે વરસાદ ખાબક્યો છે. જેમાં તોફાની વાતવરણની વચ્ચે ઉખેડામાં ૨ કલાકમાં ૫ ઈંચ વરસાદ થયો છે. ઉખેડા ગામના ગોગા ડેમ, લોલાડી માં ડેમ અને ગામ તળાવમાં વરસાદના નવા નીર આવ્યા. જ્યારે ભારે વરસાદના પગલે નદીઓ બે કાંઠે વહી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

જ્યારે જિલ્લા મથક ભુજ તેમજ માનકુવા, સુખપર, મીરજાપર, વડજર, માધાપર સહિત આસપાસના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. તેમજ મુન્દ્રાના દેશલપર કંઠી, ગુંદાલા, ભુજપુર, નાની ખાખર, અબડાસાના અરજણપર, મોથાડા, રાપર તાલુકાના ગ્રામ્ય પંથક સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ થતાં ખેડૂતોમાં ખૂશીનો માહોલ જોવા મળ્યો હતો. ગુજરાતમાં આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે, ત્યારે કચ્છ, પાટણ અને બનાસકાંઠા સહિતના જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યુ છે, ત્યારે આજે શુક્રવારે કચ્છના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે.

## વડોદરા : ડભોઇ પ્રાથમિક શાળાના ૨૦૦૦ના લાંચ કેસમાં પકડાયેલા બે આચાર્ય સસ્પેન્ડ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીના ઓડિટ માટે લાંચ લેવાના કેસમાં પકડાયેલા બે આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલી પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીમાં સરકારી ઓડિટર જયશ્રી હીરાભાઈ સોલંકીને એક શાળા દીઠ ૨૦૦૦ લેખે ૨૦ શાળાના ૪૦,૦૦૦ લાંચ આપવાની ગોઠવણ કરવામાં આવી હતી. જે અંગે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવીને એક સ્કૂલની ૨૦૦૦ લાંચ લેતા વસઈ પ્રાથમિક શાળાના આચાર્ય ઘનશ્યામ ભુપેન્દ્રભાઈ પટેલ,નિવૃત્ત શિક્ષક બુધ્ધિસાગર સોમાભાઈ પટેલ, મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી (રહે. ખૂંધિયાપુરા પ્રાથમિક શાળા આચાર્ય) અને નિવૃત્ત શિક્ષક મુકુંદ બાબુભાઈ ચૌહાણને ઝડપી પાડ્યા હતા. જ્યારે ઓડિટર જયશ્રી સોલંકી સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પકડાયેલા શિક્ષકોને રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા.આ કેસમાં વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ડભોઈ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ઘનશ્યામ પટેલ અને મંત્રી મહેન્દ્રસિંહ સોલંકીને સસ્પેન્ડ કર્યા છે.

## વડોદરાની બ્લેક સ્પોટ કપુરાઇ ચોકડી પાસે અકસ્માતનો ગ્રાફ ચિંતાજનક બન્યો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

વડોદરા શહેરના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલ જામ્બુવા જીઈબી કટ, કપુરાઈ બ્રિજ પાસે , એપીએમસી માર્કેટ સામે, દુમાડ ચોકડી, રણોલી ચોકડી અને સહિતના બ્લેક સ્પોટ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. જેમાં કપુરાઈ ચોકડી પાસે જીવલેણ અકસ્માતનો ગ્રાફ સતત વધી રહ્યો છે. પાછલા ગણતરીના દિવસોમાં સર્જાયેલ અકસ્માતની મળતી વિગતો પ્રમાણે, બે દિવસ અગાઉ કપૂરાઈ ચોકડી પાસે રસ્તાની સાઈડમાં પાર્ક ટ્રેલરમાં છોટા હાથી ટેમ્પો ઘુસી જતા એકનું મોત નીપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન એકટીવા સવાર દંપતિને આઈસરે ટેમ્પોએ અડફેટે લેતા બંનેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન કપુરાઈ ચોકડી પાસે પીકઅપ ગાડીએ બે એકટીવા ચાલકને અડફેટે લેતા એકનું મોત નિપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન કપુરાઈ ચોકડી પાસે ટેમ્પોની અડફેટે આધેડનું મોત નીપજ્યું હતું. મે મહિના દરમ્યાન મહિના અગાઉ કપુરાઈ ચોકડી બ્રિજ ઉપર ટ્રકની અડફેટે બાઈક સવાર બે યુવાનો પૈકી એકનું મોત નીપજ્યું હતું. આમ, કપુરાઈ ચોકડી ખાતે તથા કપુરાઈ ચોકડી બ્રિજ ઉપર અનેક અકસ્માતના કિસ્સા છે. વડોદરાની બ્લેક સ્પોટ કપુરાઈ ચોકડી પાસે અકસ્માતનો ગ્રાફ ચિંતાજનક બન્યો.




પી.ટી. જાડેજાની ધરપકડના સમાચારે રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો

# રાજકોટ જિલ્લામાં ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાની પાસા હેઠળ ધરપકડ । સાબરમતી જેલમાં ધકેલાયા

**પી.ટી. જાડેજા દ્વારા બે દિવસ અગાઉ રાજકોટના અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી ન કરવા માટે ધમકી આપવામાં આવી હતી**





। પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ ।

રાજકોટમાં ક્ષત્રિય સમાજના અગ્રણી નેતા અને ચૂંટણી દરમિયાન આંદોલનને મજબૂતી આપનાર પી.ટી. જાડેજાની ધરપકડના સમાચારે રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. તાલુકા પોલીસ દ્વારા પી.ટી. જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટ હેઠળ સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યા છે. આ ઘટના બાદ ક્ષત્રિય સમાજના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા, જેના કારણે રાજકોટમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે.માહિતીઅનુસાર, પી.ટી. જાડેજા દ્વારા બે દિવસ અગાઉ રાજકોટના અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી ન કરવા માટે ધમકી આપવામાં આવી હતી. આ ધમકીને ગંભીર ગુનો ગણીને તાલુકા પોલીસે તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના ઉપરાંત, જાડેજાની ચૂંટણી દરમિયાન ક્ષત્રિય સમાજના આંદોલનમાં સક્રિય ભૂમિકા અને સામાજિક-રાજકીય ગતિવિધિઓ પણ તેમની ધરપકડનું એક કારણ હોવાનું મનાય છે. પોલીસે પાસા હેઠળ આ કાર્યવ' પાસા હેઠળ ધરપકડ કરીને જાડેજાને સાબરમતી જેલમાં ધકેલી દીધા છે.પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટએ એક એવો કાયદો છે, જેનો ઉપયોગ સામાજિક અશાંતિ અટકાવવા અથવા જાહેર સલામતીને જોખમ ઊભું કરનાર વ્યક્તિઓની ધરપકડ માટે કરવામાં આવે છે. આ કાયદા હેઠળ વ્યક્તિને ચોક્કસ સમયગાળા માટે અટકાયતમાં રાખી શકાય છે, જે ઘણીવાર વિવાદનો વિષય બનતો હોય છે. પી.ટી. જાડેજાની ધરપકડને પાસા હેઠળ કરવામાં આવી હોવાથી, આ ઘટનાએ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે.પી.ટી. જાડેજા ગુજરાતમાં ક્ષત્રિય સમાજના આંદોલનના મુખ્ય ચહેરાઓમાંના એક રહ્યા છે. ખાસ કરીને ચૂંટણી દરમિયાન તેમણે ક્ષત્રિય સમાજના અધિકારો અને મુદ્દાઓને લઈને આંદોલનને મજબૂતી આપી હતી. આ આંદોલન દરમિયાન તેમની સક્રિય ભૂમિકાએ રાજ્યના રાજકીય વાતાવરણમાં નોંધપાત્ર અસર કરી હતી. આ બાબતે સ્થાનિક વહીવટ અને પોલીસનું ધ્યાન પણ જાડેજા પર રહ્યું હતું, જેના કારણે તેમની ધરપકડને રાજકીય રંગ આપવામાં આવી રહ્યો છે.તાલુકા પોલીસે જણાવ્યું કે પી.ટી. જાડેજાની ધરપકડ અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી અંગે આપવામાં આવેલી ધમકી અને જાહેર સલામતીને જોખમ ઊભું કરનારી ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. પોલીસે આ ધરપકડને પાસા હેઠળ કરી હોવાનું સ્પષ્ટ કર્યું છે અને કહ્યું છે કે આ કાર્યવાહી કાયદેસર અને જાહેર હિતમાં છે. જોકે, પોલીસે હાલ વધુ વિગતો આપવાનું ટાળ્યું છે અને તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે.પી.ટી. જાડેજાની ધરપકડે ગુજરાતના રાજકીય વાતાવરણમાં નવો વિવાદ જન્માવ્યો છે. ક્ષત્રિય સમાજના આંદોલન દરમિયાન જાડેજાની ભૂમિકા અને તેમની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને આ ધરપકડને રાજકીય હેતુથી પ્રેરિત હોવાનો આક્ષેપ કેટલાક આગેવાનોએ કર્યો છે.

છેલ્લાં ઘણાં સમયથી વ્યાયામ શિક્ષકો ભરતીને લઈને આંદોલન કરી રહ્યા હતા

# વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને મોટા સમાચાર ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બનાવાઈ કમિટી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

ગુજરાતમાં છેલ્લાં ઘણાં સમયથી વ્યાયામ શિક્ષકો ભરતીને લઈને આંદોલન કરી રહ્યા હતા. ત્યારે હવે આ વ્યાયામ શિક્ષકોને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભરતી, લાયકાત અને વયમર્યાદા અંગે એક કમિટીની રચના કરવામાં આવી છે. જણાવી દઈએ કે, ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોના ૩૫ દિવસના આંદોલનના સમયે મુખ્યમંત્રીએ કમિટી બનાવવાનું આશ્વાસન આપ્યું હતું. ત્યારે હવે કમિટીની રચના અંગે શૈક્ષણિક મહાસંઘની પ્રતિક્રિયા સામે આવી છે. ભીખાભાઈ પટેલે જણાવ્યું કે, વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે. તમામ શાળાઓને વ્યાયામ શિક્ષકો મળે.મુખ્યમંત્રીના આશ્વાસન બાદ હવે વ્યાયામ શિક્ષકોની ભરતી માટે પ્રાથમિક શિક્ષણના અગ્ર સચિવની અધ્યક્ષતામાં ૧૦ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. નોંધનીય છે કે, સરકારના શિક્ષણ વિભાગની ખેલ સહાયક યોજનામાં દરેક નિયમોમાં વિસંગતતા હોવાના કારણે તેને રદ કરવાની અને વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવાની મુખ્ય માંગણી લાંબા સમયથી કરવામાં આવી રહી છે. ત્યારે ધોરણ ૧થી ૮ના પ્રાથમિક વિભાગમાં તો વ્યાયામ શિક્ષક હોવા એ અનિવાર્ય હોવા છતાં સરકાર દ્વારા ભરતી ન કરાતી હોવાના આક્ષેપ શિક્ષકોના સંગઠન દ્વારા કરવામાં આવ્યા હતા.

## ભાવનગરના મહુવામાં ડબલ મર્ડરની ઘટના, જમાઈએ કરી સાસુ-સસરાની હત્યા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૫ ।

ગુજરાતમાં લૂંટ, મારામારી, હત્યા સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે (૪ જુલાઈ) રાત્રે ભાવનગરના મહુવામાં ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ભાવનગરના મહુવા શહેરમાં હત્યાના બનાવની ઘટના બની છે. જેમાં પતિ-પત્નીના ઝઘડામાં જમાઈએ સાસુ-સસરાની હત્યા નીપજવા હતી. જેમાં ૩૦ વર્ષીય અજય ભીલ નામના જમાઈએ તીક્ષ્ણ હથિયાર વડે સસરા રમેશભાઈ વીરાભાઈ ડોળાસિયા (ઉં.વ.૪૫) અને સાસુ ભારતીબહેન ડોળાસિયા (ઉં.વ. ૪૦)ની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ઘરકંકાસમાં હત્યા થઈ હોવાનું પ્રાથમિક તારણ સામે આવી રહ્યું છે.જમાઈએ સાસુ અને સસરાની હત્યા કરી હોવાની ચકચારી ઘટનામાં આરોપી જમાઈ હત્યાને અંજામ આપીને ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે મહુવા ટાઉન પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસ આદરી છે. ગુજરાતમાં લૂંટ, મારામારી, હત્યા સહિતની ઘટના સામે આવતી હોય છે.

## અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાંથી સિંહોનો એક વીડિયો સામે આવ્યો છે

। પ્રતિનિધિ, અમરેલી, તા.૫ ।

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાંથી સિંહોનો એક વીડિયો સામે આવ્યો છે. વાસ્તવમાં, ટીંબીમાંથી પસાર થતા ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ૧૦ સિંહો એકસાથે રસ્તો ક્રોસ કરતા કેમેરામાં રેકોર્ડ થયા છે. સિંહોના પરિવારના આ દ્રશ્યને જોવા માટે રસ્તા પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી. વાસ્તવમાં, રસ્તા પર કારમાં મુસાફરી કરી રહેલા એક વ્યક્તિએ આ વીડિયો રેકોર્ડ કર્યો છે. આપને જણાવી દઈએ કે ગીર જંગલના જંગલી પ્રાણીઓ ઘણીવાર ગીર સરહદ નજીકના ગામોમાં આવે છે. દરમિયાન, વરસાદની ઋતુમાં રખડતા સિંહો મોબાઈલ કેમેરામાં કેદ થયા છે.આપને જણાવી દઈએ કે સિંહો જંગલ છોડીને રહેણાંક વિસ્તારો તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન, આ વિસ્તારમાં બે કે ત્રણ સિંહ નહીં પરંતુ ૧૦ સિંહોનું જૂથ એકસાથે જોવા મળ્યું છે.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે આવો વીડિયો જોવા મળ્યો હોય. અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સિંહોના વીડિયો વારંવાર વાયરલ થાય છે.આપને જણાવી દઈએ કે તાજેતરના સમયમાં ભારતમાં સિંહોની વસ્તીમાં વધારો થયો છે. તાજેતરમાં, પીએમ નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં પણ આનો ઉલ્લેખ કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે ગુજરાતના ગીર જંગલમાં એશિયાઈ સિંહોની વસ્તી માત્ર પાંચ વર્ષમાં ૬૭૪ થી વધીને ૮૯૧ થઈ ગઈ છે અને આ "ખૂબ જ પ્રોત્સાહક" વધારો છે.માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૨૨મા એપિસોડમાં, પીએમ મોદીએ આ સફળતાનો શ્રેય પ્રદેશના લોકોના સામૂહિક પ્રયાસો અને આધુનિક પદ્ધતિઓના ઉપયોગને આપ્યો. તેમણે કહ્યું, "સિંહ ગણતરી પછી જાહેર કરાયેલ સિંહોની આ સંખ્યા ખૂબ જ પ્રોત્સાહક છે.






## તંત્રી લેખ..

# રૂપિયો બન્યો ડિજિટલ

પહેલી ડિસેમ્બરથી દેશમાં ડિજિટલ રૂપિયામાં પણ સત્તાવાર રીતે લેવડદેવડની શરૂઆત થઈ ગઈ. ડિજિટલ રૂપિયાનું રિટેલ ટ્રાયલ હાલમાં દેશનાં ચાર શહેરો - મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને ભુવનેશ્વરમાં શરૂ થઈ રહ્યું છે. જોકે હજુ બહુપ્રતીક્ષિત ડિજિટલ રૂપિયાની શરૂઆત પ્રયોગના સ્તર પર એક નિશ્ચિત સમૂહની અંદર થઈ રહી છે. જો આ પ્રયોગ સફળ રહ્યો, તો તેનો વિસ્તાર અમદાવાદ, ગંગટોક, ગુવાહાટી, હૈદરાબાદ, ઈન્દોર, કોચ્ચિ, લખનૌ, પટના અને શિમલા સુધી કરવામાં આવશે. વાસ્તવમાં, રૂપિયાનું આ બદલાતું સ્વરૂપ ગયા વર્ષે ઓગસ્ટથી જ વધારે ચર્ચામાં છે. સત્તાવાર રીતે અનેક પ્રકારના ડિજિટલ રૂપયા બજારમાં ચાલી રહ્યા છે, જેની ગેરંટી ભારતીય રિઝર્વ બેંક નથી લેતી, પરંતુ આ ડિજિટલ રૂપિયા માટે રિઝર્વ બેંક જવાબદાર રહેશે. તેનાથી સુવિધા આ રહેશે કે લોકોને આવનાર દિવસેમાં કોઈપણ પ્રકારની ખરીદી માટે રોકડ કે ચેક કે ડ્રાફ્ટની જરૂર નહીં રહે. રૂપિયા કે મુદ્રાની દુનિયામાં થઈ રહેલા આ બદલાવ પર લોકોની તી-ણ નજર છે અને તે એ જોવા માંગે છે કે તેનાથી તેની સુવિધા કેવી રીતે વધશે? કેટલીક વાતો સ્પષ્ટ રૂપે સમજી લેવાની જરૂર છે. આપણે એ દોરમાં જઈ રહ્યા છીએ, જ્યાં રોકડ રાખવાની જરૂર ખતમ થઈ જશે. સરકારે ચલણી મુદ્રાનું છાપકામ ઓછામાં ઓછું અથવા નહિવત કરવું પડશે. જો એવું ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે કરાઈ રહ્યું હોય તો તે પ્રશંસનીય છે. જોકે તેમાં કેટલી સફળતા મળશે તે તો સમય જ બતાવશે. કારણ કે આજે પણ ઓનલાઈન લેવડદેવડથી ભ્રષ્ટાચાર કેટલો ઓછો થયો છે તે સંશોધનનો વિષય છે. રિઝર્વ બેંકનું માનવું છે કે આજે પણ બજારમાં કેટલીય વાર નકલી નોટ આવી જાય છે, પરંતુ ડિજિટલ રૂપિયાની નકલ નહીં થઈ શકે. નોટ ખોવાઈ જવા, પલળી-ફાટી જવા વગેરેનો ડર નહીં રહે. સરકાર પણ એ સચોટ રીતે જાણી શકશે કે કેટલા રૂપિયા કોની પાસે છે. જોકે લેણ-દેણમાં સુવિધા અને પારદર્શિતા નક્કી કરવા તરફ આ લાંબો રસ્તો છે. તેમાં ડિજિટલ સાક્ષરતા પણ એક અડચણ બનશે. બેશક, સરકારે આ દિશામાં કારગત પગલાં ઉઠાવવાં પડશે, એ જરૂરી છે કે તંત્રના સ્તર પર થનારો ભ્રષ્ટાચાર તે વહેલી તકે રોકે. જો સરકારી અને કોર્પોરેટ લેણદેણ પણ સંપૂર્ણ રીતે ડિજિટલ થઈ જાય તો તે મોટી સફળતા રહેશે. આમ આદમી કે રિટેલ લેવડદેવડ પર નજર રાખવાથી કંઈ ખાસ હાંસલ નહીં થાય. મોટી લેવડદેવડમાં ડિજિટલ રૂપિયાને ઉત્તેજન સૌથી જરૂરી છે. હાલમાં જે બિનસત્તાવાર ડિજિટલ મુદ્રાઓ છે, તેમની પહોંચ કે વિસ્તાર સીમિત છે. સામાન્ય લોકો જ્યારે જાણશે કે ડિજિટલ રૂપિયા દ્વારા લેવડદેવડમાં વધુ સુવિધા અને ફાયદો છે, તો નિશ્ચિતપણે તેનો ઉપયોગ વધારશે. ધ્યાન રહે કે ભીમ, પેટીએમ, ગૂગલપે વગેરેનો ઉપયોગ સામાન્ય લોકો વચ્ચે ઝડપથી વધ્યો છે.

# હાડકામાં પિડાની અવગણના જોખમી

હાડકામાં સતત દુખાવો રહેવાની બાબત એક સામાન્ય સમસ્યા છે. આ સમસ્યા મોટી વયમાં વધારે જોવા મળે છે. મેડિકલ રિસર્ચના કહેવા મુજબ પુરૂષોની તુલનામાં મહિલાઓમાં આ સમસ્યા વધારે ગંભીર રીતે જોવા મળે છે. હાડકામાં દુખાવાની ફરિયાદો મહિલાઓ વધારે કરતી નજરે પડે છે. ભલે હાડકામાં પિડાની સમસ્યા સામાન્ય રીતે બોન ડેનસિટી ઓછી હોવાના કારણે અથવા તો ઈજા થવાના કારણે થાય છે પરંતુ તે કોઈ ગંભીર બિમારીનો સંકેત પણ હોઈ શકે છે. હાડકામાં એકાએક પીડા થવાની બાબત માટે કેટલાક કારણો હોઈ શકે છે. ઈજા અથવા તો શરીરના કોઈ અંગમાં વધારે પડતા ઉપયોગ અથવા તો બ્લડ સર્કુયલેશનમાં અડચણ આવવાના કારણે આવુ બની શકે છે. આવી જ રીતે જુના ઓસ્ટિયો આર્થરાઈટિસ, લ્યુપક અથવા તો સિકલ સેલ અનિમિયાના કારણે પણ એકાએક જોડકામાં તકલીફ ઉભી થઈ શકે છે. આજકલ યુવાનો ફિટ રહેવા માટે ઓનલાઈન ચેનલનો સહારો મેળવતા હોય છે. સારા શરીર માટે જુંબા અને એરોબિક્સ કરે છે. પરંતુ ટ્રેનર વગર આ પ્રકારની જટિલ કસરત કરવાથી હાડકામાં દુખાવા શરૂ થઈ જાય છે. યુવાનો શરીર બનાવવા માટે કેટલાક પ્રકારના પ્રોટીન સપ્ટિમેન્ટસનો ઉપયોગ પણ કરતા રહે છે. કેટલાક સપ્લિમેન્ટ્સમાં સ્ટેરોઈડનુ પ્રમાણ હોય છે. જેના કારણે નસો સંકુચિત થઈ જાય છે. જેના કારણે બોન ટિશ્યુ ડેમેજ થઈ જાય છે. કેટલાક લોકો મોડી રાત સુધી પાર્ટી કરતા રહે છે. કેટલાક લોકો મોડી રાત સુધી કામ કરતા રહે છે. જેના કારણે તેમની ઉંઘ પૂર્ણ થઈ શકતી નથી. આના કારણે ભરપુર ઉંઘ નહીં લેવાના કારણે પણ જોડમાં દુખાવા રહે છે. ફાસ્ટ ફુડ ખાવાની ટેવ આજના સમયમાં સામાન્ય સમસ્યા છે. જો હાડકાની સમસ્યાથી બચવાની ઈચ્છા છે તો દુખની બનેલી ચીજોનો જ ઉપયોગ કરવો જોઈએ. બેસતી વેળા પોતાની પોઝિશનિંગની હમેંશા કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી સીધા બેઠા રહેવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે એક પોઝિશનમાં લાંબા સમય સુધી બેસવાની બાબત પણ યોગ્ય નથી. દરેક ૨૦ મિનિટમાં પોતાની પોઝિશનિંગ જગ્યાએ ઉભા થવાની સ્થિતીમાં હાડકાના દર્દને ટાળી શકાય છે. માંસપેશિયામાં ખેંચને રોકી શકાય છે. કેલ્શિયમયુક્ત ભોજનને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે.સ્તન કેન્સરની દવાઓ હાડકાઓને ખૂબ જ નુકસાન પહોંચાડે છે.



### બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...

**શું આપની ઓફિસમાં ક્લાઇન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનુ મુખ્ય કારણ કૈશ ફ્લો હોય છે**





કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂર હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફ્ટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.

સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફ્લોપ થઈ જાય છે કે તેમની પાસે કેશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઈ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એઅજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિંગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે. યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ લોકલ કંપનીની લિસ્ટિંગ સાથે મેચ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે પણ લાભ થઈ શકે છે. શુ આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે. જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઈએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે. એટલે કે કોઈ પ્રાઈમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઈમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે. કંપનીના ખર્ચને કાબુમાં લેવા માટે આ બાબત ખુબ ઉપયોગી હોય છે. પોતાના કર્મચારીને વર્ક ફ્રોમ હો અથવા તો રિમોટ વર્કની સુવિધા પણ આપી શકાય છે.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઇએ**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**



વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે.

ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે.

સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે.

આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે.

જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.

### વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શન

# ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી



ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે.

વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઈ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઈ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે જે આસપાસ હાજર નથી.

હજુ સુધી આનો ઉપયોગ પાયલોટ ટ્રેનિંગ અથવા તો હેલ્થકેર સેક્ટરમાં થતો રહ્યો છે. જો કે હવે ગેંમિંગ અને અન્ય એન્ટરટેઈનમેન્ટનના ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધવા લાગી ગયો છે. આનો ઉપયોગ વધવાના કારણે આ સેક્ટર સ્મોલ બિઝનેસના કેટલાક અવસર આપે છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# બાલટાલમાં પહેલું યાત્રી નિવાસ તૈયાર, ૮૦૦ શ્રદ્ધાળુઓ રહી શકશે

। શ્રીનગર, તા.૫ ।

શ્રી અમરનાથ યાત્રા માટે બાલટાલ રૂટથી જતા યાત્રાળુઓ માટે પહેલું યાત્રી નિવાસ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં ૮૦૦ શ્રદ્ધાળુઓ માટે રહેવાની વ્યવસ્થા છે. યાત્રા નિવાસના પરિસરમાં નોંધણી કેન્દ્રની સાથે એક સુરક્ષા બ્લોક પણ બનાવવામાં આવ્યો છે. શુક્રવારે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ તેનું ઉદ્ઘાટન કર્યું. ન્એએ કહ્યું કે સલામત અને પર્યાપ્ત રહેઠાણ અમારી ટોચની પ્રાથમિકતા છે. અત્યાર સુધી, ગાંદરબલના બાલતાલમાં ભક્તો તંબુઓમાં રહેતા હતા, હવે ૮૦૦ ભક્તો માટે કાયમી વ્યવસ્થા તૈયાર છે અત્યાર સુધી, ગાંદરબલ જિલ્લાના બાલતાલમાં યાત્રા નિવાસની વ્યવસ્થા તંબુઓમાં કરવામાં આવી છે. આટલી મોટી ક્ષમતા ધરાવતો આ પહેલો યાત્રા નિવાસ પણ છે.ઓએનજીસીએ તેની કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડના યાત્રા નિવાસ સંકુલને તૈયાર કરવામાં સહયોગ આપ્યો છે.લેફ્ટનન્ટ ગવર્નરે ૨૪૦ કરોડ રૂપિયાના સીએસઆર ભંડોળથી સિધરા જમ્મુ, બાલતાલ, નુનવાન અને બિજબિહારામાં યાત્રા નિવાસ બનાવવા બદલ ઓએનજીસીનો આભાર માન્યો.એલજીએ શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડ વતી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીનો આભાર માન્યો. ઉલ્લેખનીય છે કે સિધરા, નુનવાન ફેઝ-૧ અને બિજબિહારામાં યાત્રી નિવાસનું કામ ચાલી રહ્યું છે. નુનવાનમાં યાત્રી નિવાસ આ વર્ષે ઓક્ટોબર પહેલા પૂર્ણ થવાની ધારણા છે.

### ભારતમાં ચોમાસાના આગમન સાથે, વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે

# સમગ્ર ભારતમાં ભારે વરસાદ પડશે । ઉત્તરાખંડ -હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે તબાહી મચાવી

**આઇએમડીએ જણાવ્યું હતું કે સક્રિય ચોમાસાના પ્રવાહ અને ચક્રવાતી પરિભ્રમણને કારણે, પૂર્વ રાજસ્થાનમાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે, જ્યારે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણામાં ૬ થી ૯ જુલાઈ દરમિયાન વ્યાપક વરસાદ પડી શકે**

। નવીદિલ્હી, તા.૫ ।

ભારતમાં ચોમાસાના આગમન સાથે, વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. અહીં ભૂસ્ખલન અને પૂરને કારણે લોકો ભારે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. દરમિયાન, ભારતીય હવામાન વિભાગે વિવિધ રાજ્યો માટે હવામાન ચેતવણી જારી કરી છે, જેમાં દેશના વિવિધ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન, અનેક સક્રિય ચોમાસા પ્રણાલીઓને કારણે, ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વીય અને દરિયાકાંઠાના રાજ્યોમાં સતત અને ભારે વરસાદની અપેક્ષા છે.



દિલ્હી-એનસીઆરમાં શુક્રવારે રાત્રે ભારે વરસાદ પડ્યો હતો, જેનાથી લોકોને ગરમીથી રાહત મળી હતી. હવામાન વિભાગે પ્રદેશમાં હવામાનની સ્થિતિમાં અચાનક ફેરફાર જોયો છે અને આગામી દિવસોમાં વાવાઝોડા અને છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૪ થી ૬ જુલાઈ દરમિયાન રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં તાપમાનમાં થોડો ઘટાડો થવાની સાથે તૂટક તૂટક વરસાદની શક્યતા છે. ૫ અને ૬ જુલાઈની આસપાસ વાવાઝોડાની શક્યતા છે, જેનાથી ગરમીમાં વધુ ઘટાડો થશે. જો કે, આ સમય દરમિયાન પવનની દિશા બદલાઈ શકે છે.

આઈએમડીએ જણાવ્યું હતું કે સક્રિય ચોમાસાના પ્રવાહ અને ચક્રવાતી પરિભ્રમણને કારણે, પૂર્વ રાજસ્થાનમાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે, જ્યારે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણામાં ૬ થી ૯ જુલાઈ દરમિયાન વ્યાપક વરસાદ પડી શકે છે. ૬ થી ૭ જુલાઈ દરમિયાન આ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ ટોચ પર રહેવાની ધારણા છે. છૂટાછવાયા વાવાઝોડા, વીજળી અને જોરદાર પવન (૩૦-૪૦ કિમી/કલાક) સાથે વરસાદ પડવાની ધારણા છે, ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને જમ્મુ ક્ષેત્રમાં. પહાડી વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદને કારણે પૂરનું જોખમ પણ છે.

હવામાન વિભાગ અનુસાર, અરબી સમુદ્રમાંથી ભેજ અને મજબૂત અપ તટીય પ્રવાહને કારણે કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારો સહિત પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારો એલર્ટ પર છે. ૫ જુલાઈ અને પછી ૬ થી ૭ જુલાઈ દરમિયાન, ખાસ કરીને દક્ષિણ કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આ અઠવાડિયે ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના નીચાણવાળા વિસ્તારોમાં અચાનક પૂર આવવાની શક્યતા છે.

## બિહારમાં મતદાર યાદીની સમીક્ષા સામે મૌલાના મદનીએ વાંધો ઉઠાવ્યો

। પટણા, તા.૫ ।

જમીઅત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ મદનીએ બિહારમાં ચાલી રહેલી મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે તેને બંધારણીય અધિકારો અને લોકશાહી મૂલ્યો પર હુમલો ગણાવ્યો અને તેને તાત્કાલિક રદ કરવાની માંગ કરી. મદનીએ કહ્યું કે આ પ્રક્રિયા ઉતાવળમાં શરૂ કરવામાં આવી છે, જેના કારણે સ્થળાંતરિત મજૂરો, લઘુમતી અને વંચિત વર્ગના મતદાન અધિકારો જોખમમાં મુકાઈ શકે છે. મૌલાના મદનીએ પ્રશ્ન ઉઠાવ્યો કે માત્ર એક મહિનામાં આઠ કરોડથી વધુ મતદારોની ચકાસણી કેવી રીતે થઈ શકે. તેમણે આ પ્રક્રિયામાં લાદવામાં આવેલી શરતો સામે પણ વાંધો ઉઠાવ્યો છે. તેમના મતે, ૧૯૮૭ પછી જન્મેલા લોકો પાસેથી એક માતા-પિતાના દસ્તાવેજો અને ૨૦૦૪ પછી જન્મેલા લોકો પાસેથી બંને માતા-પિતાના દસ્તાવેજો માંગવામાં આવી રહ્યા છે. તેમણે પૂછ્યું, 'જ્યારે આ NRC નથી, તો પછી NRC જેવી શરતો કેમ લાદવામાં આવી રહી છે?' તેમણે ચેતવણી આપી હતી કે આસામની હજારો મહિલાઓ, જે શિક્ષણ અને દસ્તાવેજોથી વંચિત છે, તેઓ આ પ્રક્રિયાથી સૌથી વધુ પ્રભાવિત થશે કારણ કે તેમની પાસે તેમના માતા-પિતા સંબંધિત માન્ય દસ્તાવેજો નથી.

## લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ: યુપીમાં વરરાજાની કાર પર દીવાલ સાથે ટકરાઈ, વર સહિત પાંચ લોકોના મોત

। લખનૌ, તા.૫ ।

યુપીના સંભલ સ્થિત ચંદૌસીના જુનાવઈ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના મેરઠ-બદાયૂ હાઈવે પર શુક્રવારે (૪ જુલાઈ) ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં વરરાજાની કાર કાબુમાં ન રહેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાર હાઈવે પરની એક ઈન્ટર કોલેજની દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ દુર્ઘટનામાં હરગોવિંદપુર ગામના રહેવાસી વરરાજા સૂરજ (ઉં.વ.૨૦) સહિત પાંચ લોકોના મોત નીપજ્યા હતા. યુપીના જુનાવઈમાં વરરાજાનો અકસ્માત થયો હતો. ગમખ્વાર અકસ્માતના બનાવને લઈને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. હરગોવિંદપુર ગામના રહેવાસી સુખરામે તેના પુત્ર સૂરજના લગ્ન સિરસૌલ ગામના રહેવાસી રાજુની પુત્રી અંશુ સાથે નક્કી કર્યા હતા.શુક્રવારે સાંજે જાન સિરસૌલ ગામ જઈ રહી હતી. જેમાં જાનૈયાઓની ૧૧ ગાડીઓ પહેલાથી સિરસૌલ જવા માટે રવાના થઈ ગઈ હતી. આ સાથે એક બોલેરો કાર પણ પાછળ આવી રહી હતી. જેમાં સૂરજ નામના વરરાજા સહિત લાલ સિંહની પત્ની આશા (ઉં.વ.૨૬), લાલ સિંહની પુત્રી હિમાંશી (ઉં.વ.૩), બુલંદશહેર જિલ્લાના હિંદવાડા ગામ રહેવાસી ટીટુ સિંહનો પુત્ર દેવા ઉર્ફે સચિન અને સચિનનો બે વર્ષનો પુત્ર બેઠા હતા.

### હિમાચલમાં મેઘતાંડવ બાદ ફરી એલર્ટ

# હિમાચલ પ્રદેશમાં વરસાદી આફતમાં ૬૩ લોકોના મોત, અનેક લોકો ગુમ । ૪૦૦ કરોડનું નુકસાન

**સૌથી વધુ મેઘતાંડવનો સામનો કરનારા કાંગડા, મંડી, ચંબા અને શિમલામાં પૂર સહિત ભૂસ્ખલનની અનેક ઘટનાઓ બની । મેઘતાંડવ સર્જાયું, ત્યારથી અનેક લોકોને બચાવા માટે રેસ્ક્યુ ઓપરેશન**

। શિમલા, તા.૫ ।

મેઘરાજાએ હિમાચલમાં ભયાનક તબાહી સર્જી રોડ, રસ્તા, મકાનો બધું જ વેરવિખેર કરી નાખ્યું છે. સૌથી વધુ મેઘતાંડવનો સામનો કરનારા કાંગડા, મંડી, ચંબા અને શિમલામાં પૂર સહિત ભૂસ્ખલનની અનેક ઘટનાઓ બની છે, જેમાં અત્યાર સુધીમાં ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. સૌથી વધુ મંડી જિલ્લામાં જાનહાની સર્જાઈ છે, જ્યાં ૧૭ લોકોના મોત અને ૪૦થી વધુ લોકો ગુમ થઈ ગયા છે. જ્યારથી મેઘતાંડવ સર્જાયું, ત્યારથી અનેક લોકોને બચાવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે, જોકે સતત વરસાદના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં અડચણો ઊભી થઈ રહી છે.ભારે વરસાદ અને પૂરના કારણે અનેક જિલ્લાઓમાં રસ્તાઓ ધોવાઈ ગયા છે. આ સાથે અનેક પુલો પણ પાણીમાં વહી ગયા છે. હવામાન વિભાગની



આગાહી મુજબ હિમાચલમાં હજુ પણ મેઘતાંડવ ખતમ થવાની સંભાવના દેખાતી નથી. રાજ્યમાં વધુ આફતના એંધાણ જોવા મળી રહ્યા હોય, તેમ હવામાન વિભાગે રાજ્યના તમામ જિલ્લાઓમાં સાત જુલાઈ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. રાજ્ય સરકારે કહ્યું કે, હિમાચલ પર આવી ચઢેલી કુદરતી આફતના કારણે ઓછામાં ઓછા ૪૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

હિમાચલ પ્રદેશમાં ૨૦ જૂને ચોમાસાનો પ્રવેશ થયો હતો. ત્યારબાદ મેઘતાંડવના કારણે અનેક ગામડાઓ સંપૂર્ણ નાશ પામ્યા છે. રાજ્યમાં હજુ પણ અનેક નદીઓ ઉછાળા મારી રહી છે, આ ઉપરાંત મેઘરાજા પણ શાંત પડવાનું નામ લેતા નથી. હજુ પણ રસ્તાઓ પર ભૂસ્ખલન થઈ રહ્યું છે. રાજ્યમાં તમામ સંપર્કો ખોરવાઈ ગયા હોય તેમ, ૫૦૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે. વરસાદ બાદ ૫૦૦થી વધુ વીજળીના ટ્રાન્સફોર્મર ખરાબ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે, જેના કારણે હજુ પણ અનેક લોકો અંધારામાં રાત પસાર કરી રહ્યા છે.

રાજધાની શિમલા, મંડી, બિલાસપુર, હમીરપુર, કિન્નૌર, કુલ્લૂ, લાહૌલ સ્પીતિ, સિરમૌર, સોલન અને ઊના જિલ્લામાં પણ અનેકના મોત થયા છે. રાજ્યભરમાં ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભૂસ્ખલનમાં અનેક લોકો ઘરવિહોણા થઈ ગયા છે, જ્યારે ભયજનક સપાટી પર વહી રહેલી નદીઓના કારણે ૧૪ પુલ વહી ગયા છે. સૌથી વધુ મંડીમાં મેઘતાંડવ સર્જાતા ૧૭ લોકોના મોત થયા છે, જ્યારે કાંગડામાં ૧૩, ચંબામાં ૬ અને શિમલામાં પાંચ લોકોના મોત થયા છે.

### ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલા ખાસ સઘન સુધારણા પર રાજકીય વિવાદ

## પપ્પુ યાદવે ૯ જુલાઈએ બિહાર બંધનું એલાન આપ્યું, ચૂંટણી પહેલા 'માસ્ટરસ્ટ્રોક' કર્યો !

। પટણા, તા.૫ ।

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલા ખાસ સઘન સુધારણા પર રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે. પૂર્ણિયાના અપક્ષ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે આ પ્રક્રિયાના વિરોધમાં ૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ બિહાર બંધ અને ચૂંટણી પંચ કાર્યાલયનો ઘેરાવ કરવાની જાહેરાત કરી છે. આ સાથે, તેઓ આ મામલે કાનૂની કાર્યવાહી માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવાની યોજના બનાવી રહ્યા છે. નિષ્ણાતો માને છે કે આ પગલા દ્વારા પપ્પુ યાદવે બિહાર ચૂંટણી પહેલા 'માસ્ટરસ્ટ્રોક' રમવાનો પ્રયાસ કર્યો છે.ચૂંટણી પંચે ૨૪ જૂન ૨૦૨૫ ના રોજ બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનનો આદેશ આપ્યો હતો, જે ૨૫ જૂનથી ૨૫ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલશે. આ પ્રક્રિયા હેઠળ, બિહારના લગભગ ૮ કરોડ મતદારોએ તેમની નાગરિકતા અને યોગ્યતા સાબિત કરવા માટે દસ્તાવેજો, જેમ કે જન્મ પ્રમાણપત્ર, પાસપોર્ટ, ડોમિસાઈલ પ્રમાણપત્ર, અથવા ૧ જુલાઈ ૧૯૮૭ પહેલા જારી કરાયેલ કોઈપણ સરકારી દસ્તાવેજ સબમિટ કરવા પડશે. કોંગ્રેસ, આરજેડી અને એઆઈએમઆઈએમ સહિત ઘણા વિપક્ષી પક્ષો દાવો કરે છે કે આ પ્રક્રિયા અલોકતાંત્રિક છે અને તેનો હેતુ ગરીબ, દલિત, પછાત અને લઘુમતી સમુદાયોના મતદારોને યાદીમાંથી દૂર કરવાનો છે. તેજસ્વી યાદવે તેને 'લોકશાહી પર હુમલો' ગણાવ્યો છે.બિહારના રાજકારણમાં એક અવાજ ઉઠાવનાર નેતા તરીકે જાણીતા પપ્પુ યાદવ આ મુદ્દો ઉઠાવીને ઘણા સ્તરે ફાયદો મેળવવાનો પ્રયાસ કરી શકે છે. નિષ્ણાતો માને છે કે પપ્પુ યાદવ, જેમણે પોતાની જન અધિકાર પાર્ટીનું કોંગ્રેસમાં વિલિનીકરણ કર્યું છે, તેઓ આ આંદોલન દ્વારા બિહારના લોકો, ખાસ કરીને યુવાનો, દલિતો અને પછાત વર્ગોમાં પોતાની લોકપ્રિયતા અને સુસંગતતા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



### હિમાચલ પ્રદેશમાં પૂર મામલે ભાજપ માં અંદરોઅંદર ડખા, કંગના રણૌત પર ગુસ્સે થયા ભાજપના પૂર્વ સીએમ

। મુંબઇ, તા.૪ ।

હિમાચલમાં મેઘતાંડવમાં ભયાનક તબાહી સર્જાઈ છે. રાજ્યમાં પૂર, ભૂસ્ખલનની ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે, ત્યારે આ કુદરતી આફતને લઈ રાજ્યમાં રાજકારણ શરુ થઈ ગયું છે. રાજ્યમાં મંડીમાં પણ ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે અહીં જાનમાલને ભારે નુકસાન થયું છે. આટલી મોટી આફત છતાં મંડીના લોકસભાના સાંસદ કંગના રનૌતે વિસ્તારની મુલાકાત ન લેતાં રાજકારણ શરુ થઈ ગયું છે. એટલું જ નહીં સ્થાનિક લોકો પણ નારાજ થઈને સોશિયલ મીડિયામાં કંગના પર ગુસ્સો ઠાલવી રહ્યા છે. બીજીતરફ વિરોધ વધ્યા બાદ કંગનાએ પણ જવાબ આપ્યો છે.મંડીની સાંસદ હોવા છતાં કંગના રનૌતે સ્થિતિનો તાગ ન મેળવતાં સ્થાનિક લોકો પણ ભડકી ઉઠ્યા છે અને સોશિયલ મીડિયા પર સતત પૂછી રહ્યા છે કે, 'મંડી મુસીબતમાં છે, કંગના રનૌત ક્યાં છે?' આફતમાં સ્થાનિક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે, તો બીજીતરફ વિપક્ષ નેતા જયરામ ઠાકુરે કંગના રનૌત પર નિશાન સાધ્યું છે. આફતનો સામનો કરી રહેલા હિમાચલમાંથી કંગના ગેરહાજર દેખાતાં જયરામ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સ કરી નારાજગી વ્યક્ત કરી છે. બીજી તરફ કંગનાએ પોતાના બચાવમાં સોશિયલ મીડિયા પર કહ્યું કે, તે ટૂંક સમયમાં પ્રદેશમાં આવશે.મંડીમાં મેઘતાંડવ બાદ કંગના રનૌત પોતાના મતવિસ્તારમાં ન દેખાતાં તેણી અનેક સવાલો અને ટીકાનો સામનો કરી રહી છે. વિરોધ વધ્યા બાદ કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે.

### ડોક્ટરના રૂપમાં શેતાન,સારવારના નામે ૨૬ વર્ષીય મહિલા પર બળાત્કાર

। મુંબઇ, તા.૪ ।

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં, એક કઠોર ડોક્ટરે સારવારના નામે એક મહિલા પર બળાત્કાર કર્યો. ઘટના બાદ, પીડિતાએ બેડગાંવ પોલીસ સ્ટેશનમાં આરોપી ડૉક્ટર વિરુદ્ધ કેસ નોંધાવ્યો છે. આ શરમજનક ઘટના કોરચી તાલુકામાંથી પ્રકાશમાં આવી છે. પીડિતા છત્તીસગઢના ઈહોડા ગામની રહેવાસી છે. આરોપી ડોક્ટરે સારવારના બહાને ૨૬ વર્ષની છોકરીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે છોકરી ખરાબ તબિયતને કારણે તેના ભાઈ સાથે સારવાર માટે કૌંસ ડોક્ટર સુભાષ હરપ્રસાદ વિશ્વાસ પાસે ગઈ હતી. ડોક્ટરે ચેકઅપના નામે તેણીને પોતાની કેબિનમાં બોલાવી અને ત્યાં ક્રૂરતાની હદ વટાવી દીધી.આરોપી ડોક્ટર સુભાષ હરપ્રસાદ વિશ્વાસ ૪૮ વર્ષનો છે. તે ગઢચિરોલી જિલ્લાના બોરી ગામનો રહેવાસી છે. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ આરોપી વિરુદ્ધ છેડતીનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. આ ઘટના બાદ પીડિતાની ફરિયાદ પર બેડગાંવ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૬૪(૨)(ઈ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## એક તરફ મહારાષ્ટ્રમાં ભાષાને લઈને વિવાદ, બીજી તરફ ગુજરાતમાં મરાઠી પ્રવાસીને પ્રેમ મળ્યો

। મુંબઇ, તા.૫ ।

હાલ મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ પોતાના ચરમ પર છે. મરાઠી ન બોલનારા લોકો વિરુદ્ધ મનસે અને શિવસેના કાર્યકરો દ્વારા હાથ ચાલાકી કરવામાં આવી રહી છે. આ પ્રકારનાં અનેક વીડિયો ખુબ જ વાયરલ થઈર હ્યા છે. હાલમાં જ એક મારવાડી વેપારીને લાફો મારવાનો મુદ્દો ખુબ જ ચગ્યો છે. સમગ્ર મુબઈમાં વેપારીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. એક દિવસનું બંધ પાળીને પણ વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.જો કે આ સ્થિતિમાં મહારાષ્ટ્રમાં ભાષા મુદ્દે રાજ ઠાકરેની દાદાગીરી જોવા મળી રહી છે.

## ભારતે ફક્ત પાકિસ્તાનને જ નહીં પરંતુ ત્રણ દેશોને હરાવ્યા : ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ આર સિંહ

। નવીદિલ્હી, તા.૫ ।

ભારતીય સેનાના ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ (ક્ષમતા વિકાસ અને ટકાઉપણું) લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે શુક્રવારે નવી દિલ્હીમાં ફિક્કી દ્વારા આયોજિત 'ન્યૂ એજ મિલિટરી ટેક્નોલોજીસ' કાર્યક્રમમાં ભારત-પાકિસ્તાન સરહદી તણાવ અને ઓપરેશન સિંદૂર દરમિયાન સામનો કરવામાં આવેલા પડકારો પર ખુલ્લેઆમ વાત કરી. તેમણે કહ્યું કે આ ઓપરેશનમાં ફક્ત પાકિસ્તાન જ નહીં, પરંતુ ચીન અને તુર્કીએ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેના કારણે ભારતને તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીને વધુ મજબૂત બનાવવાની જરૂર અનુભવાઈ છે.લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે ખુલાસો કર્યો કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ચીન પાસેથી વાસ્તવિક સમયની ગુપ્ત માહિતી મળી રહી હતી. તેમણે કહ્યું, "જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ડીજીએમઓ (ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ) સ્તરની વાતચીત ચાલી રહી હતી, ત્યારે પાકિસ્તાનને અમારી મહત્વપૂર્ણ લશ્કરી પ્રવૃત્તિઓ વિશે લાઈવ માહિતી મળી રહી હતી. આ માહિતી ચીન તરફથી આવી રહી હતી." તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાન પાસે રહેલા ૮૧% લશ્કરી સાધનો ચીની છે, અને આ ઓપરેશનથી ચીનને 'લાઈવ લેબ' તરીકે તેના શસ્ત્રોનું પરીક્ષણ કરવાની તક મળી.લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે જણાવ્યું છે કે તુર્કીએ પાકિસ્તાનને ડ્રોન અને અન્ય સહાય પણ પૂરી પાડી હતી. લેફ્ટનન્ટ જનરલ સિંહે કહ્યું- "તુર્કીએ બયક્તાર જેવા ડ્રોન પૂરા પાડ્યા.

**મલપ્પુરમની ૧૮ વર્ષીય યુવતીનું મોત** | **સ્વાસ્થ્ય મંત્રી વીના જોર્જે કહ્યું કે, 'નિપાહ પ્રોટોકોલ પહેલાથી જ લાગૂ કરી દેવામાં આવ્યો**

# કેરળમાં ફરી નિપાહ વાયરસની એન્ટ્રી થતા હડકંપ । બે કેસ નોંધાયા, ત્રણ જિલ્લામાં એલર્ટ

। તિરૂવનંતપુરમ, તા.૫ ।

કેરળમાં નિપાહ વાયરસે ફરી એક વાત એન્ટ્રી મારી છે. ૫ જુલાઈ ૨૦૨૫ના રોજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલૉજી પુણેએ પલક્કડની ૩૮ વર્ષીય મહિલાને નિપાહ વાયરસ હોવાની પુષ્ટિ કરી છે. મલપ્પુરમની ૧૮ વર્ષીય યુવતીના મૃત્યુ થયું છે. કોઝિકોડ મેડિકલ કોલેજમાં બંનેના પ્રારંભિક ટેસ્ટ કરતાં તેઓ પોઝિટિવ જણાવાયા હતા. મળતી માહિતી મુજબ, ગત ૨૮ જૂનના રોજ મલપ્પુરમની યુવતીને તબિયત લથડી હતી અને શ્વાસ લેવામાં તકલીફ ઊભી થતાં કોટ્ટક્કલ નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ પછી ૧ જુલાઈના રોજ તેનું




મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે પલક્કડની એક મહિલાને ૧ જુલાઈના રોજ પેરિન્તલમન્નાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી છે.

સ્વાસ્થ્ય મંત્રી વીના જોર્જે કહ્યું કે, 'નિપાહ પ્રોટોકોલ પહેલાથી જ લાગૂ કરી દેવામાં આવ્યો છે. મલપ્પુરમ, પલક્કડ અને કોઝિકોડમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ૧૦૦ થી વધુ લોકોને હાઈ-રિસ્ક કોન્ટેક્ટ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. આરોગ્ય કર્મચારીઓ અને પોસ્ટમોર્ટમ સ્ટાફને ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.'નિપાહનો મુખ્ય સ્રોત ફ્રૂટ બૈટ્સ હોવાનું માનવામાં આવે છે. પલક્કડમાં દર્દીના ઘરની નજીક ચામાચીડિયાની હાજરીથી ઝૂનોટિક ટ્રાન્સમિશનની શંકા ઉભી થઈ છે. મે મહિનામાં મલપ્પુરમમાં એક ૪૨ વર્ષીય મહિલાને નિપાહ હોવાની પુષ્ટિ થઈ હતી, જે પછીથી સ્વસ્થ થઈ ગઈ હતી.ICMRએ ૧૦૦ ટકા ચોકસાઈ સાથે પોર્ટેબલ નિપાહ ડિટેક્શન કીટ વિકસાવી છે. CEPIના સહયોગથી નિપાહ માટે mRNA વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. આરોગ્ય વિભાગે ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં કન્ટેઈનમેન્ટ ઝોન બનાવ્યા છે અને હોસ્પિટલોમાં કડક પ્રોટોકોલ લાગુ કર્યા છે. ૨૦૧૮ થી કેરળમાં નિપાહનો વારંવાર ઉદભવ ચિંતાનો વિષય છે. કેરળમાં નિપાહ વાયરસે ફરી એક વાત એન્ટ્રી મારી છે. ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલૉજી પુણેએ પલક્કડની ૩૮ વર્ષીય મહિલાને નિપાહ વાયરસ હોવાની પુષ્ટિ કરી છે. મલપ્પુરમની ૧૮ વર્ષીય યુવતીના મૃત્યુ થયું છે. કોઝિકોડ મેડિકલ કોલેજમાં બંનેના પ્રારંભિક ટેસ્ટ કરતાં તેઓ પોઝિટિવ જણાવાયા હતા.

# રશિયાનો યુક્રેન પર ભયાનક હુમલો । કીવમાં ૫૪૦ ડ્રોન, ૧૧ મિસાઇલ ઝીંકી





કીવ : અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કર્યા બાદ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આક્રમક બની ગયા છે. રશિયાએ ડ્રોન અને મિસાઈલોથી યુક્રેનની રાજધાની કીવ પર ભયાનક હુમલો કર્યો છે. હુમલામાં અનેક બિલ્ડિંગો ધ્વસ્ત થઈ ગયા હોવાના અને ગાડીઓ હવામાં ઉછળી હોવાના અહેવાલ સામે આવ્યા છે. રહેણાક વિસ્તારમાં આગ, કીવમાં રાતભર સાયરન વાગીયુક્રેન વાયુસેનાએ રોયટર્સને કહ્યું કે, 'રશિયન સેનાએ કીવ પર ૫૪૦ ડ્રોન અને ૧૧ બેલેસ્ટિક મિસાઈલો ઝીંકી છે. હુમલામાં લગભગ ૨૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. કીવના છ જિલ્લાના રહેણાક વિસ્તારોમાં આગ લાગવાની ઘટના બની છે. રેલવે સ્ટેશનને પણ નુકસાન થયું છે. એટલું જ નહીં મિસાઈલ હુમલામાં અનેક ગાડીઓ હવામાં ઉછળી છે.' યુક્રેન વાયુસેનાએ એવું પણ કહ્યું કે, 'રશિયાના ભયાનક હુમલાના કારણે કીવમાં આખી રાત સાયરન વાગતી રહી અને રશિયન હુમલા અંગે લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા, જેના કારણે યુક્રેનના લોકોને બચાવવામાં સફળતા મળી છે, પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઘણું નુકસાન થયું છે.'રોયટર્સના રિપોર્ટ મુજબ, 'કીવના મેયર વિટાલી ક્લિટસ્કોએ કહ્યું કે, રશિયા સેનાનું મુખ્ય ટાર્ગેટ રાજધાની કીવ હતું. ગત રાત્રે ધડાકા અને ગોળીબારનો સતત અવાજ સંભળાતો રહ્યો હતો.' હુમલાના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં લોકો જીવ બચાવવા આમતેમ ભાગતાં જોવા મળી રહ્યા છે.

## બોલીવૂડમાં પુનરાગમન કરી રહી હોવાનો પ્રિયંકા ચોપરાનો સંકેત



। મુંબઇ, તા.૫ ।

પ્રિયંકા ચોપરા જોનાસે ફરી બોલીવૂડમાં કામ કરવાનો સંકેત આપ્યો છે. તેણે કહ્યું હતુ કે, મને હિંદી ફિલ્મોની અને ભારતની બહુ યાદ આવે છે એટલું જ નહી . આ વર્ષે હું ભારતમાં કામ કરવા માટે ઉત્સાહિત છું. પ્રિયંકા હાલ એસએસ રાજામોલીની એસએસએમબી-૨૯માં મહેશ બાબુ સાથે કામ કરી રહી છે. જોકે, તેના આ સંવાદને જોતાં તે બોલીવૂડમાંથી કેટલાક વધુ પ્રોજેક્ટ સ્વીકારે તેવી શક્યતા છે. પ્રિયંકા ચોપરા જોનાસના ભારતમાં હજી પણ અસંખ્ય પ્રશંસકો છે, જેનો ફાયદો ફિલ્મ નિર્માતાઓને મળી શકે એમ છે. હવે આગામી દિવસોમાં પ્રિયંકા કોઈ પ્રોજેક્ટની જાહેરાત કરે છે કે કેમ તેની રાહ જોવાઈ રહી છે. પ્રિયંકા ચોપરા જોનાસે ફરી બોલીવૂડમાં કામ કરવાનો સંકેત આપ્યો છે. તેણે કહ્યું હતુ કે, મને હિંદી ફિલ્મોની અને ભારતની બહુ યાદ આવે છે એટલું જ નહી . આ વર્ષે હું ભારતમાં કામ કરવા માટે ઉત્સાહિત છું. પ્રિયંકા હાલ એસએસ રાજામોલીની એસએસએમબી-૨૯માં મહેશ બાબુ સાથે કામ કરી રહી છે. જોકે, તેના આ સંવાદને જોતાં તે બોલીવૂડમાંથી કેટલાક વધુ પ્રોજેક્ટ સ્વીકારે તેવી શક્યતા છે. પ્રિયંકા ચોપરા જોનાસના ભારતમાં હજી પણ અસંખ્ય પ્રશંસકો છે.

### ૫૭ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની આર્જેન્ટિનાની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત

## ત્રિનિદાદ અને ટોબેગો પછી પીએમ મોદી આર્જેન્ટિના પહોંચ્યા, એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત થયું

**૨ દિવસની મુલાકાતમાં, તેઓ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઇલી સાથે મહત્વપૂર્ણ મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરશે**

। બ્યુનોસ આયર્સ, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સાંજે આર્જેન્ટિનાની રાજધાની બ્યુનોસ આયર્સ પ હોંચ્યા. ૫૭ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની આર્જેન્ટિનાની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત છે. એઝેઈઝા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ૨ દિવસની મુલાકાતમાં, તેઓ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલી સાથે મહત્વપ ૂર્ણ મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરશે. આ પીએમ મોદીનો આર્જેન્ટિનાની બીજો પ્રવાસ છે. અગાઉ તેઓ ૨૦૧૮ માં ૪૨૦ સમિટ માટે અહીં આવ્યા હતા. આ વખતે તેમની મુલાકાત તેમના ૫ દેશોના પ્રવાસનો ત્રીજો પડાવ છે.




વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પીએમ મોદી અને રાષ્ટ્રપતિ માઈલી વચ્ચે સંરક્ષણ, કૃષિ, ખાણકામ, તેલ અને ગેસ, નવીનીકરણીય ઉર્જા, વેપાર અને રોકાણ જેવા ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત થશે. મંત્રાલયે કહ્યું, 'આ મુલાકાત ભારત અને આર્જેન્ટિના વચ્ચે બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે.' આર્જેન્ટિના જતા પહેલા પીએમ મોદીએ કહ્યું, 'આર્જેન્ટિના લેટિન અમેરિકામાં અમારો મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર છે અને ૪૨૦ માં નજીકનો સાથી છે. હું રાષ્ટ્રપતિ જેવિયર માઈલીને મળવા માટે આતુર છું, જેમને હું ગયા વર્ષે મળ્યો હતો. અમે કૃષિ, મહત્વપૂર્ણ ખનિજો, ઉર્જા, વેપાર, પર્યટન, ટેકનોલોજી અને રોકાણ જેવા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું.'

આર્જેન્ટિના પહેલા પીએમ મોદી ત્રિનિદાદ અને ટોબેગોની મુલાકાતે હતા, જ્યાં બંને દેશોએ ૬ કરારો પર હસ્તાક્ષર કર્યા. તેમને ત્યાં 'ધ ઓર્ડર ઓફ ધ રિપબ્લિક ઓફ ત્રિનિદાદ એન્ડ ટોબેગો' એનાયત કરવામાં આવ્યો, જે કેરેબિયન દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે. તે પ્રથમ વખત કોઈ વિદેશી નેતાને આપવામાં આવ્યું હતું. આર્જેન્ટિના પછી, પીએમ મોદી બ્રાઝિલ જશે, જ્યાં તેઓ ૧૭મા બ્રિક્સ સમિટમાં ભાગ લેશે અને રાજ્ય મુલાકાત પર પણ રહેશે. તેમની મુલાકાતનો છેલ્લો પડાવ નામિબિયા હશે.

આ મુલાકાત ભારત અને આર્જેન્ટિના વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત બનાવવાની એક શ્રેષ્ઠ તક છે. વેપાર અને ટેકનોલોજીથી લઈને સંરક્ષણ અને ઉર્જા સુધીના ઘણા ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે ભાગીદારીની અપાર સંભાવનાઓ છે.

### 'અમેરિકામાં 'ગન કલ્ચર' કાબુમાં આવે તે શક્ય લાગતું નથી'

## ચિકાગોની નાઇટ ક્લબની બહાર બેફામ ગોળીબાર : 3નાં મોત, ૧૬ ઇજાગ્રસ્ત

**એક આલ્બમ રીલીઝ પછી ચિકાગોની આર્ટિસ-લાઉન્જ' નાઇટ ક્લબ બહાર ડ્રાઈવમાં અચાનક ગોળીબાર શરૂ થયો**

। ચિકાગો , તા.૫ ।

ચિકાગોની એક નાઈટ કલબની બહાર અચાનક અંધાધૂંધ ગોળીબાર થતાં ૩ના મોત થયા હતા અને ૧૬ને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તો પૈકી કેટલાકની હાલત ગંભીર છે.આ માહિતી આપતાં એસોસિએટેડ પ્રેસ પોલીસને ટાંકતા જણાવે છે કે, રેપ્પર (પોપ-મ્યુઝિક સિંગર) મેલો બકઝના આલ્બમના વિમોચન સમયે આ નાઈટ-કલબમાં ઘણા લોકો એકત્રિત થયા હતા. આ આલ્બમ રીલીઝ થયું પછી નિયમાનુસાર ખાણી-પીણી પણ થઈ. આ આનંદ-પ્રમોદ પૂરો થવા આવ્યો અને કેટલાક ઘર તરફ રવાના થવા તૈયાર થયા ત્યાં જ બહાર કાર પાર્કિંગમાં અંધાધૂંધ ગોળીબાર થતાં ત્રણના સ્થળ ઉપર જ મૃત્યુ થયા હતાં, જયારે અન્ય ૧૬ જેટલાને ઈજાઓ થઈ હતી જે પૈકી કેટલાક ગંભીર છે.આ સમયે કાર ચલાવી પાર્કિંગ પ્લોટની બહાર જઈ રહેલી એક વ્યકિતએ પોતાના મોબાઈલ ઉપર આ ઘટનાક્રમની ફિલ્મ ઉતારી લીધી હતી. જેમાં બંદૂકના અવાજો પણ સંભળાતા હતા. સદ્ભાગ્યે તે કાર આ ગોળીબારવાળા વિસ્તારથી દૂર હતી અને તે બહાર જઈ રહી હતી. ગોળીબાર કરનાર શખ્સ ઓળખી શકાયો નથી. તેમ જ હજી તે પકડી પણ શકાયો નથી.આ પૂર્વે આ સ્થળ પાસે ભારે ભોજન સમારંભ - હશ-લાઉન્જ નામક નાઈટ કલબમાં ચાલતો હતો ત્યારે પણ ગોળીબારી થઈ હતી. જેમાં એક વ્યકિતનું મૃત્યુ થયું હતું. આ સ્થળે જ પછીથી આર્ટિસ-લાઉન્જ નામક આ નાઈટ કલબ શરૂ થઈ હતી.નક્કર વાસ્તવિકતા તે છે કે, અમેરિકામાં ગન-કલ્ચર હાથ બહાર ગયું છે.યુ.એસ.ના ડીઝીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે કે, ૨૦૨૩માં જ આશરે ૪૭,૦૦૦ જેટલાનાં મૃત્યુ આવા ગોળીબારોમાં થયા હતા. નિરીક્ષકો કહે છે, અમેરિકામાં ગન કલ્ચર કાબુમાં આવે તે શક્ય લાગતું નથી. ચિકાગોની એક નાઈટ કલબની બહાર અચાનક અંધાધૂંધ ગોળીબાર થતાં ૩ના મોત થયા હતા અને ૧૬ને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તો પૈકી કેટલાકની હાલત ગંભીર છે.આ માહિતી આપતાં એસોસિએટેડ પ્રેસ પોલીસને ટાંકતા જણાવે છે કે, રેપ્પર (પોપ-મ્યુઝિક સિંગર) મેલો બકઝના આલ્બમના વિમોચન સમયે આ નાઈટ-કલબમાં ઘણા લોકો એકત્રિત થયા હતા.

## વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં દિશા-શાહિદનું આઈટમ સોંગ હશે



। મુંબઇ, તા.૫ ।

શાહિદ કપૂર અને દિશા પટાણી વિશાલ ભારદ્વાજની આગામી ફિલ્મમાં આઈટમ સોન્ગ કરતા જોવા મળવાના છે. આ એકશન ફિલ્મમાં બબ્બે આઈટમ સોન્ગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં તૃપ્તિ ડીમરી પણ મહત્વનો રોલ ભજવી રહી છે. ફિલ્મસર્જકે ડાન્સ નંબર્સ માટે બે મોટા ભવ્ય સેટ તૈયાર કર્યા છે. શાહિદ અને દિશા પ્રથમ વખત સાથે સ્ક્રીન શેર કરવાના છે. ફિલ્મમાં બે આઈટમ સોંગ હશે તૃપ્તિ ડિમરીની આ ફિલ્મ ને હજુ સુધી ફાઈનલ ટાઈટલ અપાયું નથીઉલ્લેખનીય છે કે શાહિદ પોતે બહુ સારો ડાન્સર છે. એક્ટર તરીકે એક્ટિવ થયા પહેલાં તે શામક દાવરના ડાન્સ ગ્રૂપમાં સામેલ થયો હતો. તેણે બોલીવૂડની 'તાલ' સહિતની ફિલ્મોમાં બેક ગ્રાઉન્ડ ડાન્સર તરીકે પણ કામ કર્યુ હતું. આ ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. ફિલ્મ આ વર્ષે જ રીલિઝ થવાની હોવાનું કહેવાય છે. શાહિદ કપૂરઅને દિશા પટાણી વિશાલ ભારદ્વાજની આગામી ફિલ્મમાં આઈટમ સોન્ગ કરતા જોવા મળવાના છે. આ એકશન ફિલ્મમાં બબ્બે આઈટમ સોન્ગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં તૃપ્તિ ડીમરી પણ મહત્વનો રોલ ભજવી રહી છે. ફિલ્મસર્જકે ડાન્સ નંબર્સ માટે બે મોટા ભવ્ય સેટ તૈયાર કર્યા છે. શાહિદ અને દિશા પ્રથમ વખત સાથે સ્ક્રીન શેર કરવાના છે. ફિલ્મમાં બે આઈટમ સોંગ હશે તૃપ્તિ ડિમરીની આ ફિલ્મ ને હજુ સુધી ફાઈનલ ટાઈટલ અપાયું નથી.

## પાકિસ્તાનના કરાચીમાં ૫ માળની ઇમારત ધરાશાયી, ૭ લોકોના મોત, ૮ ઘાયલ

। કરાચી, તા.૫ ।

પાકિસ્તાનના કરાચીમાં એક બહુમાળી રહેણાંક ઈમારત ધરાશાયી થઈ, જેમાં ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા અને આઠ અન્ય ઘાયલ થયા. આ માહિતી મીડિયા અહેવાલોમાંથી આપવામાં આવી છે. પ ોલીસ નિવેદનને ટાંકીને ડોન અખબારે અહેવાલ આપ્યો છે કે શહેરના લ્યારીના બગદાદી વિસ્તારમાં ફિદા હુસૈન શેખા રોડ પર સ્થિત ઈમારતના કાટમાળ નીચે ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.''લ્યારીના બગદાદીમાં પાંચ માળની ઈમારત ધરાશાયી થઈ છે. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે,'' કરાચીના મેયર મુર્તઝા વહાબ સિદ્દીકીએ એક્સ પર પોસ્ટ કરી. સિદ્દીકીએ પાછળથી ઘટનાસ્થળે મીડિયાને જણાવ્યું કે સાત મૃતદેહો મળી આવ્યા છે. ૧૯૭૪ માં બનેલી પાંચ માળની ઈમારત કરાચીના જૂના વિસ્તારોમાં જર્જરિત ઈમારતોની યાદીમાં હતી. લ્યારી કરાચીના સૌથી ગીચ, નીચાણવાળા અને ઓછી આવક ધરાવતા વિસ્તારોમાંનો એક છે. બચાવ કાર્યકરોને ટાંકીને, જીઓ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે અધિકારીઓનો અંદાજ છે કે હજુ પણ ૨૫ જેટલા લોકો કાટમાળ નીચે ફસાયેલા હોઈ શકે છે. સિંધના મુખ્યમંત્રી મુરાદ અલી શાહે અધિકારીઓને બચાવ કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો છે.

## ઈટાલીના રોમમાં પેટ્રોલ સ્ટેશન પર બે બ્લાસ્ટ । ૨૭થી વધુ લોકો ઘાયલ, બચાવકર્મીઓ પણ ઈજાગ્રસ્ત

। રોમ , તા.૫ ।

ઈટાલીની રાજધાની રોમમાં સ્થિત એક પેટ્રોલ પંપ સ્ટેશન અને ગેસ ડેપોમાં ભીષણ બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ૨૭ ઘાયલ થયા છે. બ્લાસ્ટ બાદ આગમાં ધૂમાડાના ગોટેગાટા વળ્યા હતાં. આ બ્લાસ્ટ સ્થાનિક સમયાનુસાર સવારે આઠ વાગ્યે થયો હતો.ગેસ ડેપો અને પેટ્રોલ સ્ટેશન પર બ્લાસ્ટ બાદ ૩૦૦ મીટર સુધી અવાજ અને કાટમાળ વિખેરાયો હતો. અહીં એક પછી એક એમ બે બ્લાસ્ટ થયા હતાં. પહેલા વિસ્ફોટની પહેલાં જ સ્ટેશન પર ગેસની ગંધ આવી રહી હતી. બીજો બ્લાસ્ટ થયો ત્યારે વિકરાળ આગ આકાશમાં ઊંચે સુધી ગઈ હતી. બ્લાસ્ટ બાદ આસપાસના ઘરોમાંથી લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતાં. તમામ વાહનચાલકોને પણ દૂર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ રોમના મેયર સાથે આ દુર્ઘટના અંગે વાત કરી હતી. ઘટનાસ્થળ નજીક એક શાળા હતી. દુર્ઘટના બાદ શાળામાં હાજર ૧૫ બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતાં. અનેક ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના નવ જવાન પણ ઘાયલ થયા હતાં.રોમના પોલીસ પ્રવક્તા એલિસાબેટ્ટા એકાર્ડોએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી માટે પહોંચેલા આઠ પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. ઈજા પહોંચવા પાછળનું કારણ પહેલાં બ્લાસ્ટ બાદ થોડી વાર પછી થયેલો બીજો બ્લાસ્ટ હતો. ફાયર બ્રિગેડના પણ નવ જવાન ઘાયલ થયા હતાં. બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડની દસ ટીમ તૈનાત થઈ છે.ઈટાલીની રાજધાની રોમમાં સ્થિત એક પેટ્રોલ પંપ સ્ટેશન અને ગેસ ડેપોમાં ભીષણ બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ૨૭ ઘાયલ થયા છે.

### રાતોરાત ભારે વરસાદથી ભારે તબાહી મચી ગઈ

### કેરવિલે કાઉન્ટીમાં રાતોરાત ૧૦ ઇંચથી વધુ વરસાદ પડ્યો, જેના કારણે નદીનું પાણીનું સ્તર અચાનક વધી ગયું, રાષ્ટ્રીય હવામાન સેવા અનુસાર, હંટ નજીક ગુઆડાલુપ નદીનું પાણીનું સ્તર માત્ર ૨ કલાકમાં ૨૨ ફૂટ સુધી વધી ગયું

## અમેરિકામાં અચાનક પૂરથી ભારે તબાહી ૧૩ લોકોના મોત । વીસ છોકરીઓ ગુમ

। કરવિલે,તા.૫ ।

યુએસ રાજ્ય ટેક્સાસમાં સ્થિત હિલ કન્ટ્રી વિસ્તારમાં રાતોરાત ભારે વરસાદથી ભારે તબાહી મચી ગઈ છે. અહેવાલો અનુસાર, માત્ર થોડા કલાકોમાં, એટલો વરસાદ પડ્યો જેટલો સામાન્ય રીતે મહિનાઓમાં પ ડતો નથી, જેના કારણે ગુઆડાલુપ નદીમાં પૂર આવ્યું છે. નદીમાં પ ૂર આવવાથી ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થયા છે અને ગર્લ્સ સમર કેમ્પમાં રહેલી ૨૦ થી વધુ છોકરીઓ ગુમ થઈ ગઈ છે. બચાવ ટીમો હેલિકોપ્ટર અને બોટ દ્વારા જોરદાર પ્રવાહમાં ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે.કેરવિલે કાઉન્ટીમાં રાતોરાત ૧૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો, જેના કારણે નદીનું પાણીનું સ્તર અચાનક વધી ગયું. રાષ્ટ્રીય હવામાન સેવા અનુસાર, હંટ નજીક ગુઆડાલુપ નદીનું પાણીનું સ્તર માત્ર ૨ કલાકમાં ૨૨ ફૂટ સુધી વધી ગયું. હવામાનશાસ્ત્રી બોબ ફોગાર્ટીએ કહ્યું, ''પાણી એટલું ઝડપથી વધ્યું કે લોકોને સ્વસ્થ થવાની તક મળી નહીં.'' કાઉન્ટી જજ રોબ કેલીએ કહ્યું કે ઘણા લોકોના મૃતદેહ મળી આવ્યા છે, પરંતુ તેમની ઓળખ હજુ સુધી થઈ નથી. તેમણે કહ્યું, ''અમારા પ્રયાસો ચાલુ છે, પરંતુ પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે.''હંટમાં સ્થિત કેમ્પ મિસ્ટિક નામનો એક ખાનગી ખ્રિસ્તી છોકરીઓનો સમર કેમ્પ આ પૂરની ઝપેટમાં આવ્યો હતો. લેફ્ટનન્ટ ગવર્નર ડેન પેટ્રિકે કહ્યું કે કેમ્પની ૨૩ છોકરીઓ હજુ પણ ગુમ છે. તેમણે ટેક્સાસના લોકોને છોકરીઓની સલામતી માટે પ્રાર્થના કરવા અપીલ કરી છે. કેમ્પ મિસ્ટિકે માતાપિતાને એક ઈમેઈલ મોકલીને કહ્યું છે કે જે બાળકો મળી આવ્યા છે તેમના પરિવારોને જાણ કરવામાં આવી છે. જોકે, કેમ્પમાં વીજળી, વાઈ-ફાઈ અને પાણી પુરવઠો ખોરવાઈ ગયો છે, અને ત્યાં જતો રસ્તો પણ ધોવાઈ ગયો છે. અન્ય બે કેમ્પ, કેમ્પ વાલ્ડેમાર અને કેમ્પ લા જુન્ટાએ ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે તેમના બધા બાળકો અને સ્ટાફ સુરક્ષિત છે.પ



રિવારોની ચિંતા સોશિયલ મીડિયા પર સ્પષ્ટ દેખાય છે. લોકો તેમના બાળકો, ભત્રીજાઓ, ભત્રીજીઓ અને સંબંધીઓને શોધી રહ્યા છે. એક મહિલાએ ફેસબુક પર લખ્યું કે તેની પુત્રી, જે તેના પતિ અને બે બાળકો સાથે હન્ટમાં એક કેબિનમાં હતી, તેનો સંપર્ક થઈ શક્યો નથી. લોકો કેરવિલે કાઉન્ટી શેરિફ ઓફિસના ફેસબુક પેજ પર ફોટા શેર કરી રહ્યા છે અને તેમના પ્રિયજનોની સલામતી માટે પ્રાર્થના કરી રહ્યા છે. કેરવિલે અને હન્ટમાંથી વહેતા પાણીએ કેન્ડલ કાઉન્ટીમાં પણ ભય વધાર્યો છે. કમ્ફર્ટમાં શેરિફ ઓફિસે પૂરની ચેતવણી જારી કરી હતી અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક સ્થળાંતર કરવા કહ્યું હતું.

### યુક્રેને રશિયાના મોટાભાગના ડ્રોન મારી હટાવ્યા

### ડચ અને જર્મન ઇન્ટેલિજન્સનો દાવોઃ રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં કેમિકલ વેપન એટેક વધારી રહ્યું છે

## રશિયાએ યુક્રેનને કેમિકલ વેપન અને ૫૫૦ ડ્રોનના ભીષણ હુમલાથી ધમરોળ્યું

। કીવ, તા.૫ ।

રશિયાએ યુક્રેન યુદ્ધમાં કેમિકલ વેપનનો ઉપયોગ કરવા માંડયો હોવાનો હોલેન્ડે ચોંકાવનારો દાવો કર્યો છે. તે સતત કેમિકલ વેપનનો ઉપયોગ વધારી રહ્યું છે. આ સાથે રશિયાએ યુક્રેન પર એક સાથે ૫૫૦ ડ્રોન અને ૧૧ મિસાઈલો સાથે ભીષણ હુમલો કર્યો હતો. રશિયાએ કીવ સાથે આખા યુક્રેનને ધમરોળી નાખવા માંગતા હોય તે પ્રકારનો હુમલો કરતા રશિયાએ આખી રાત હુમલો ચાલું રાખ્યો હતો.



રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધમાં કેમિકલ વેપનના ઉપયોગનો દાવો આ પ્રકારે પહેલી જ વખત કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ડચ અને જર્મન બંને દેશની ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આ વાતને સમર્થન આપ્યું છે. તેમા સૈનિકોને ખાડીમાંથી બહાર કાઢવા માટે ઉપયોગમાં લેવામાં આવતા ચોકિંગ એજન્ટનો સમાવેશ થાય છે. આમ રશિયા કેમિકલ વેપનનો ઉપયોગ સતત વધારી રહ્યુ છે અને સંભવતઃ પરમાણુ શસ્ત્રોના વિકલ્પ તરીકે તેનો ઉપયોગ કરે છે. આના પગલે બંને દેશોની સરકારોએ રશિયા પર વધુ આકરા પ્રતિબંધોની ભલામણ કરી છે.

યુક્રેન સાથેની એક હજાર કિ.મી.ની ફ્રન્ટ લાઈન પર દુશ્મન દળો પર દબાણ લાવવાના હેતુથી રશિયાએ આ હુમલો કર્યો હતો. જો કે રશિયાના મોટાભાગના ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા અને ૧૧માંથી નવ મિસાઈલ યુક્રેનમાં ત્રાટકવામાં સફળ રહી હતી.

રશિયાએ યુક્રેનના દનિપ્રોપેટ્રોવ્સ્ક, સુમી, ખાર્કિવ, ચેર્નિવ, કીવમાં હુમલો કરીને ત્યાં નુકસાન પહોંચાડવામાં સફળતા મેળવી હતી. ઈમરજન્સી સર્વિસિઝે રાજધાનીના દસમાંથી પાંચ જિલ્લામાં નુકસાન થયાનું જણાવ્યું હતું. આ હુમલામાં યુક્રેનમાં ૨૩ જણને ઈજા થઈ હતી.

યુક્રેનના એર ડિફેન્સે ૨૭૦ ટાર્ગેટ શૂટ કર્યા હતા. તેમા બે ક્રુઝ મિસાઈલનો સમાવેશ થાય છે. જ્યારે બીજા ૨૦૮ ટાર્ગેટ રાડારથી ગુમ થઈ ગયા હતા. તેને જામ કરી દેવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. આમ છતા રશિયાના નવ મિસાઈલ અને ૬૩ ડ્રોન યુક્રેન પર ત્રાટકવામાં સફળ રહ્યા હતા. આંતરી લેવામાં આવેલા ડ્રોનનો કાટમાળ ૩૩ સ્થળોએ પડેલો મળી આવ્યો હતો. આ ઉપરાંત ૧૪ માળના રહેણાક બિલ્ડિંગ પર મિસાઈલ ત્રાટકતા તે આગમાં લપેટાઈ ગયું હતું.મોસ્કો : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ પુતિન વચ્ચે ફોન પર વાતચીત થઈ. આ વખતે જ્યારે ટ્રમ્પનો ફોન આવ્યો તે સમયે પુતિન એક મહત્ત્વના જાહેર કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### મહેમદાવાદ રોડ પર એક્ટિવાની ટક્કરે રાહદારીનું સારવારમાં મોત

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૫ ।

મહેમદાવાદ શહેરના રોડ ઉપરથી રાત્રે ચાલતા જતા યુવકને એક્ટિવાએ ટક્કર મારતા ગંભીર ઈજા થઈ હતી. યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ ઢાંકણીવાડમાં રહેતા ઝાકીર મીરસાબમિયાં મલેક મિત્રો સાથે તા.૨/૭/૨૫ની રાત્રે ચાલતા ફરીને ખાત્રજ ચોકડીથી પરત ઘર તરફ જતા હતા. દરમિયાન મહાકાલી મંદિર નજીક પૂરઝડપે એકટીવાએ ટક્કર મારતા સમીરભાઈ મલેકને રોડ પર પડી જતા ગંભીર ઈજા થઈ હતી. જેથી સાથી મિત્રોએ સમીર અહેમદ મિયાં મલેક (ઉં.વ.૪૦)ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારે બાઈકે ટક્કર મારતા ચંપાબેન ડાભીને પડી જતા ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### પંચમહાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસનો કહેર,, 3 બાળકોના મોતથી તંત્રમાં દોડધામ

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૫ ।

પંચમહાલ જિલ્લામાં રેત માખીઓથી ફેલાતો શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસ ફરી સક્રિય થતા આરોગ્ય તંત્ર દોડતું થઇ ગયું છે. ૭ દિવસમાં ચાર કેસ નોંધાયા હતા, જેમાંથી ત્રણ બાળકોના મોત થયા હતા.જો કે આ ત્રણેય દર્દીમાં ચાંદીપુરા વાઈરસના કોઈ લક્ષણ દેખાયા ન હતા, પરંતુ તાવ સાથે ખેંચના કારણે મૃત્યુ નીપજ્યાં છે. આ તમામ દર્દીઓને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી ગોધરા તાલુકાના ડોકવા ગામનું એક બાળક તાવ સાથે ખેંચની બીમારીની સારવાર હેઠળ છે. આ બાળકનું સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલાયું છે. સ્થિતિની ગંભીરતા જોતા, પુડુચેરીની એક હેલ્થ ટીમ અને પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની ટીમ પંચમહાલ આવી પહોંચી છે. ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે.

### ડભાણ હાઈવે પર સુપરવાઈઝર પર હુમલાના 3 આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૫ ।

નડિયાદ નજીક ડભાણ હાઈવે પર એક કંપનીના સુપરવાઈઝર જ્ઞાનધર રામનાથ તિવારી પર થયેલા જીવલેણ હુમલા કેસમાં પોલીસે ત્રણ આરોપીઓને પકડી લીધા છે. કમળા ગામના આ ત્રણેય હુમલાખોરોએ લેબર કોન્ટ્રાક્ટ અને રૂપિયાની લેતીદેતીના વિવાદમાં આ ગંભીર અપરાધ આચર્યો હોવાનું સામે આવ્યું છે. જોકે, આટલો ગંભીર ગુનો હોવા છતાં, પોલીસે અન્ય મોટા ગુનાઓના આરોપીઓની માફક આ હુમલાખોરોનું જાહેરમાં રીકન્સ્ટ્રક્શન કરવાની તસ્દી ન લેતાં અનેક સવાલો ઊભા થયા છે.

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે છે

# ગૃહ પ્રધાન અમિત શાહે આણંદમાં દેશની પ્રથમ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું ભૂમિપૂજન કર્યું

**મોદી સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી । જેના પગલે હવે અનેક નવી ડેરીઓ બની રહી છે.સહકારના માધ્યમથી ખેડૂતોની આવક વધશે : કેન્દ્રીય ગૃહ**

। પ્રતિનિધિ, આણંદ, તા.૫ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે છે. આણંદમાં અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સ્તરની ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ થયો છે. તેમણે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે.સહકાર મંત્રાલયની સ્થાપનાને ૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમને જણાવ્યુ કે મોદી સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. જેના પગલે હવે અનેક નવી ડેરીઓ બની રહી છે.સહકારના માધ્યમથી ખેડૂતોની આવક વધશે.અમિત શાહે દેશની સૌ પ્રથમ સહકાર યુનિવર્સિટીના શિલાન્યાસ કરવાની સાથે જાહેરાત કરી કે આ યુનિવર્સિટીમાં અનેક નવા પ્રકારના કોર્સ શરુ થશે. ૧ વર્ષમાં કુલ ૬ નવા કોર્સ શરુ કરવાનું આયોજન છે.આ યુનિવર્સિટીમાંથી પાસ થનાર વિદ્યાર્થીને જ નોકરી મળશે તેવુ પણ તેમણે જણાવ્યુ હતુ.આ સાથે જ અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે આ યુનિવર્સિટીને ત્રિભોવનદાસ નામ આપવા મુદ્દે કોંગ્રેસે વિરોધ કર્યો હતો. વિરોધ કરનારને ખબર નહોતી કે ત્રિભુવનદાસ કોંગ્રેસના જ નેતા હતા.મહત્વનું છે કે તેઓ આવતીકાલે સહકાર મંત્રાલયના ૪ વર્ષ પૂરા થવા પર અમૂલ ડેરીમાં આયોજિત કાર્યક્રમમાં પણ હાજરી આપશે અને અમૂલ ડેરી ખાતેથી જનતાને સંબોધન કરશે. ચાલુ વર્ષે બજેટ સત્રમાં, સંસદમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, ૨૦૨૫ પસાર કરાયું હતું. જેના હેઠળ સહકારી ક્ષેત્રમાં શિક્ષણ અને તાલીમને આગળ વધારવા માટે ભારતની પ્રથમ રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટીની સ્થાપનાનો માર્ગ મોકળો થયો. અમૂલના સ્થાપક ત્રિભોવન પટેલના નામ પરથી આણંદમાં આવેલી આ યુનિવર્સિટી પાસે સહકારી તાલીમ સંસ્થાઓ માટે રાષ્ટ્રવ્યાપી અધિકારક્ષેત્ર હશે.




**સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે : અમિત શાહ**

આણંદમાં અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સ્તરની ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ થયો છે. તેમણે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે.



**દર વર્ષે ૮ લાખ લોકોને પ્રમાણિત કરવા માટે ડિગ્રી, ડિપ્લોમા અને પીએચડી અભ્યાસક્રમો આપશે**

જે દર વર્ષે ૮ લાખ લોકોને પ્રમાણિત કરવા માટે ડિગ્રી, ડિપ્લોમા અને પીએચડી અભ્યાસક્રમો આપશે. આ યુનિવર્સિટી સહકારી વ્યવસ્થાપન, નાણાં, કાયદો અને ગ્રામીણ વિકાસ જેવા ક્ષેત્રોમાં વિશેષ શિક્ષણ, તાલીમ અને સંશોધનની તકો પૂરી પાડશે અને પાયાના સ્તરે સહકારી સંસ્થાઓને મજબૂત બનાવશે.આ સિવાય, અમિત શાહ "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ વૃક્ષારોપણમાં પણ ભાગ લેશે. આ ઉપરાંત, અમિત શાહ નેશનલ સેન્ટર ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા તૈયાર કરાયેલા એક શૈક્ષણિક મોડ્યુલનું પણ અનાવરણ કરશે. જેથી શાળાના વિદ્યાર્થીઓને સહકારના સિદ્ધાંતો અને ભારતમાં સહકારી ચળવળની અસરથી પરિચિત કરી શકાય.

### ધાર્મિક વિવાદ બાદ રાજકોટમાં તણાવ વધ્યો

# તાનાશાહી નહિ ચાલે, રાજકીય ઈશારે ધરપકડ થઈ : પીટી જાડેજાની ધરપકડ ઉપર પદ્મિનીબા બોલ્યા

**ક્ષત્રિય આંદોલનમાં ભાજપ સામે પડેલા પી.ટી.જાડેજા પર કાયદાકીય ગાળિયો કસાયો છે**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ ।

રાજકોટના અમરનાથ મંદિરમાં આરતી વિવાદ ક્ષત્રિય સમાજના અગ્રણી પી.ટી. જાડેજાની અટકાયત બાદ તાલુકા પોલીસ સ્ટેશને લોકો ઉમટ્યા છે. ધાર્મિક વિવાદ બાદ રાજકોટમાં તણાવ વધ્યો છે. પી.ટી. જાડેજાની અટકાયત બાદ પોલીસ સ્ટેશન બહાર મોટી સંખ્યામાં તેમના સમર્થકોનો જમાવડો જોવામળ્યો. ત્યારે આ વચ્ચે ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાનું નિવેદન સામે આવ્યું છે. ક્ષત્રિય આંદોલનમાં ભાજપ સામે પડેલા પી.ટી.જાડેજા પર કાયદાકીય ગાળિયો કસાયો છે. પાસા હેઠળ પીટી જાડેજાની અટકાયત કરાતા તેમને સાબરમતી જેલમાં ધકેલાશે. ત્યારે હાલ પીટી જાડેજાનું બ્લડપ્રેશર ૩૦૦ થયું હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટમાં ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાની અટકાયનો મામલો વાયુવેગે



ક્ષત્રિય સમાજમાં ફેલાઈ ગયો છે. ત્યારે પોલીસ સ્ટેશન ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો એકઠા થયેલા જોવા મળ્યા. ક્ષત્રિય સમાજના લોકો બહુમાળી ભવન ચોકથી રેલી કાઢી કલેકટર કચેરીએ આવેદન આ મામલે આવેદન આપશે. ક્ષત્રિય આગેવાન દેવેન્દ્રસિંહ જાડેજાએ કહ્યું કે, લોકસભાની ચૂંટણી સમયે ક્ષત્રિય સમાજે આંદોલન કર્યું હતું તેનો ખાર કરી કાર્યવાહી કરવામાં આવી છે. આજે સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજની બેઠક મળશે. ક્ષત્રિય સમાજનું આંદોલન ફરી કરવા નિર્ણય લેવામાં આવશે. તો મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાનું નિવેદન પણ આવ્યુ. તેમણે ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી.જાડેજાની રાજકીય ઈશારે ધરપકડ થઈ હોવાની વાત કરી. તેમણે કહ્યું કે, કાર્યવાહી તો નાનીસૂની વાત છે. જે પણ થયું છે તેમાં રાજકારણ દેખાઈ રહ્યું છે. નાની એવી બાબત છે, મોટી બાબત નથી કે આવું એક્શન લેવું પડે.

### યુવક અમદાવાદમાં વિઝા કૌભાંડનો ભોગ બન્યો

# બ્લુસ્કાય વિઝા એન્ડ ઇમિગ્રેશનના સંચાલકે ૨૨ લાખથી વધુની છેતરપિંડી કરી

**બ્લુસ્કાય વિઝા એન્ડ ઇમિગ્રેશન નામની કન્સલ્ટન્સીના સંચાલક રાહુલ શાહે આ યુવક પાસેથી વર્ક પરમિટ વિઝાના નામે ૨૨.૨૦ લાખ રૂપિયા અને ૨,૧૮૪ કેનેડિયન ડોલર વસૂલ્યો**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના મણિનગરમાં રહેતા ૨૮ વર્ષીય યુવકનું કેનેડામાં સ્થાયી થવાનું સપનું ચકનાચૂર થયું છે. ગોતા વિસ્તારમાં આવેલી બ્લુસ્કાય વિઝા એન્ડ ઈમિગ્રેશન નામની કન્સલ્ટન્સીના સંચાલક રાહુલ શાહે આ યુવક પાસેથી વર્ક પરમિટ વિઝાના નામે ૨૨.૨૦ લાખ રૂપિયા અને ૨,૧૮૪ કેનેડિયન ડોલર વસૂલ્યા, પરંતુ વચન મુજબ વિઝા અપાવ્યો નહીં. આ ઘટના બાદ યુવકને કેનેડાથી ખાલી હાથ પરત ફરવું પડ્યું. સમગ્ર મામલે સોલા પોલીસે આરોપી રાહુલ શાહ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છેમણિનગરના આ યુવકે વિદેશમાં સ્થાયી થવાનું સપનું જોયું હતું અને તેની માતા સાથે ૨૦૨૩માં ગોતામાં આવેલી બ્લુસ્કાય વિઝા એન્ડ ઈમિગ્રેશનની ઓફિસની મુલાકાત લીધી હતી. ઓફિસના સંચાલક રાહુલ શાહે યુવક સાથે વર્ક પરમિટ વિઝા દ્વારા કેનેડા જવાની ચર્ચા કરી. રાહુલે યુવકને જણાવ્યું કે વર્ક પરમિટ વિઝા માટે ૨૩ લાખ રૂપિયાનો ખર્ચ થશે, પરંતુ પહેલા તેને વિઝિટર વિઝા પર કેનેડા મોકલીને ત્યાંથી વર્ક પરમિટ વિઝાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ વાતથી યુવક અને તેના પરિવારનો વિશ્વાસ રાહુલ શાહ પર બંધાયો.થોડા સમય બાદ યુવકનો વિઝિટર વિઝા મંજૂર થયો, અને તે કેનેડા ગયો. દરમિયાન, રાહુલ શાહે યુવકના પરિવાર પાસેથી વર્ક પરમિટ વિઝાની પ્રક્રિયા શરૂ કરવાના નામે ૩ લાખ રૂપિયા ઉઘરાવ્યા. આ ઉપરાંત, કેનેડામાં વકીલની ફીના નામે ૨,૧૮૪ કેનેડિયન ડોલર (અંદાજે ૧.૩૫ લાખ રૂપિયા) પણ વસૂલ્યા.





# ખેડા બસ સ્ટેન્ડ પાસે પ્લાસ્ટિકના ગોડાઉનમાં વિકરાળ આગથી દોડધામ

। પ્રતિનિધિ, નડિયાદ , તા.૫ ।

ખેડા શહેરમાં બસ સ્ટેશન નજીક આવેલા પ્લાસ્ટિકના ગોડાઉનમાં આજે બપોરે અચાનક વિકરાળ આગ ભભૂકી ઉઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે, એક કિલોમીટર દૂર સુધી ધુમાડાના ગોટાં છવાઈ ગયા હતા. એક ઝૂંપડું પણ આગની લપેટમાં આવી ગયું હતું. સદનસીબે કોઈ જાનહાનિની થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. ખેડા બસ સ્ટેન્ડ પાસે પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગની જાણ થતાં જ ખેડા અને નડિયાદ સહિત આસપાસના વિસ્તારોમાંથી ૮ થી ૧૦ જેટલા ફાયર ફાઈટરો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. ખેડા, નડિયાદ, ધોળકા, અમદાવાદ, ઓએનજીસી, મહેમદાવાદ અને ખાનગી કંપનીના ફાયર બ્રિગેડના જવાનોએ ગોડાઉનને ચારેય તરફથી કોર્ડન કરી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. મોડી સાંજ સુધી મોટાભાગની આગ પર નિયંત્રણ મેળવી લેવાયું છે, પરંતુ સંપૂર્ણપણે કાબુ મેળવવામાં હજુ પણ સમય લાગી શકે છે. આ ઘટનાને પગલે ખેડા પ્રાંત અધિકારી, ખેડા ટાઉન પીઆઈ સહિત ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને આગ પ્લાસ્ટિકના ગોડાઉનમાં લાગી હોવાથી વધુ પ્રસરવા પામી હતી. ફાયર ઓફિસરને બપોરે ૨.૪૦ વાગ્યે કોલ મળ્યો હતો અને તાત્કાલિક કાર્યવાહી શરૂ કરાઈ હતી. આગની ગંભીરતાને જોતાં સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોમાં વીજ પ્રવાહ બંધ કરી દેવામાં આવ્યો હતો, જેથી આગ વધુ ફેલાય નહીં અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને. આ બનાવના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થયા હતા.




**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya